Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान्।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं } वीर सं. २४५३. कार्तिक आत्म सं. ३१ { अंक ४ थो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ટ | વિષય | પૃષ્ટ |
|---|---|---|---|
| ૧ અદ્વૈત–સ્મારક. ... | ...૯૫ | ૬ સહિષ્ણુતા.... ... | ...૧૧૫ |
| ૨ વિશ્વરચના પ્રબંધ. ... | ...૯૬ | ૭ જૈન સખાવત. ... | ...૧૧૬ |
| ૩ આદર્શ જૈન કેવો હોવો જોઇએ? | ...૧૦૧ | ૮ પ્રકીર્ણ. ... ... | ...૧૧૮ |
| ૪ મંત્રી મુદ્રા.... ... | ...૧૦૬ | ૯ વર્તમાન સમાચાર... | ...૧૨૦ |
| ૫ પ્રશ્નોત્તર. ... ... | ...૧૧૨ | ૧૦ સ્વીકાર અને સમાલોચના | ...૧૨૧ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં; શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તૈયાર છે. "ઉપયોગી ખાસ ગ્રંથ." તૈયાર છે.

## "શ્રી આચારોપદેશ ગ્રંથ."

આચાર એ પ્રથમ ધર્મ છે એમ શાસ્ત્રકારો કહે છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે (બ્રાહ્મમુહુર્ત વખતે) શ્રાવકે જાગ્રત થઇ શું ચિંતવવું ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથ તથા કેવી વિધિથી શું કરવી ? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું . । વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે જીંદગીની શરૂઆતથી વ્યવહાર અને ધર્મના પાલન માટે પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ છે; ખરેખર જૈન થવા માટે એક ઉત્તમ ગ્રંથ છે. કોઇ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ. કિંમત મુદલ રૂા ૦–૮–૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું. ———

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે, પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઇ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. અનેક નવીન વસ્તુનું જ્ઞાન પણ થાય છે. કિંમત રૂા ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

"કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ."

## "કાવ્ય સુધાકર."

(રચયિતા—આચાર્ય શ્રી અજીતસાગરજી મહારાજ.)

કાવ્યકલા અને સાહિત્યનો એક સુંદર નમુનો કે જે સામાયિક રસથી ભરપૂર છે, તેવા હૃદયદ્રાવક ૪૩૫ વિવિધ કાવ્યનો સંગ્રહ છે. આ કાવ્યોમાં કાવ્યઝરણુનો નિર્મળ પ્રવાહ અસ્ખલિતપણે વહે છે, જે આ ગ્રંથમાં સંપૂર્ણ કળામાં દીપી નીકળે છે, જેથી વાચકને રસ ઉત્પન્ન કરે છે. આ ગ્રંથમાં ચાર વિભાગ ૧ કાવ્ય કિરણાવલી, ૨ કાવ્ય કૌમુદી, ૩ સાહિત્યસાર અને ૪ શ્રી આનંદઘનજી પદનો કાવ્ય (કવિતા) રૂપે અનુવાદ એ ચારનો સમાવેશ કરવામાં આવેલો છે. તમામ કાવ્યો એકંદર સરલ, સુંદર, રસયુક્ત, હૃદયદ્રાવક, અને ભાવવાહી છે. સામાજીક, નૈતિક, ધાર્મિક, વિષયો સાથે પ્રાસંગિક અને કુદરતી વર્ણનોથી બનેલાં આ કાવ્યો હોઇને દરેક મનુષ્યને ઉપયોગી છે. દરેક મનુષ્યે લાભ લેવા જેવું છે. ઉંચા કાગળો ઉપર સુંદર ગુજરાતી ટાઇપથી છપાવી સુંદર રેશમી કપડાના પાકા બાઇંડીંગથી અલંકૃત કરેલ સાડાચારસો પાનાનો આ ગ્રંથ છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.

મળવાનું ઠેકાણું—"શ્રી જૈન આત્માનંદ સભા"—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापमधर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदयसंपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवार्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५३. कार्तिक, आत्मसंवत् ३१. } अंक ४ थो.

ॐ

## अद्वैत—स्मारक.

પ્રાત: પ્રભાની રમ્યતા આનંદ દ્યોત પ્રસારતી,
જાગૃત કરી જગ પ્રાણીને સન્દેશ દૈવી સુણાવતી;
ગત દીર્ઘકાલિક ચિત્રપટ મહાવીર ને વિક્રમતણું,
આલેખવા અન્તર વિષે અનુપમ સમય તે આ ગણું. ૧
મહાવીર જીવન જગ્ત પર જ્યોતિ અદ્વૈત પ્રકાશતું,
વૈભવ તજી વીતરાગ પદનો બોધ પૂર્ણ કરાવતું;
વળી આર્ય ભુષણ વીર વિક્રમ નરાધિશ ન અન્ય કો !
વરસાવી સંપત્તિ સ્નેહથી સુખીઓ કર્યો આદેશ જો. ૨
યાદી કરાવે આજ પ્રાત: ભ્રાત એ વીરો તણી,
અનુશરણ સુજ્ઞ રહે મનોહર સ્મારક તેઓનું ગણી;
એ યાદ સાથે આએ નૂતન વર્ષમાં સત્ ઇપ્સિતો,
સફલા થયા આશિષ છે સૌભાગ્ય સુંદર આર્હતો ! ૩

વેલચંદ ધનજી.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



परिशिष्ट ४ थुं. **વિશ્વરચના પ્રબંધ.** ગતાંક પૃષ્ટ ૭૬ થી શરૂ

## જૈન ભૂગોળ વિદ્યા.

### શું પૃથ્વી ગોળ તથા ગતિમાન છે ? એક તપાસ.

જે વડે પૃથ્વીના આકાર વિગેરેનું જ્ઞાન થાય તેને ભૂગોળવિદ્યા અથવા Geography કહેવામાં આવે છે પશ્ચિમના વિદ્વાનોએ પૃથ્વીને દડાની માફક ગોળ તથા બે પ્રકારની ગતિવાળી માની છે તેઓ એમ માને છે કે ૨૪ કલાકમાં પૃથ્વી પોતાની કીલી ઉપર એકવાર ફરી આવે છે તેથી દિવસ અને રાત્રી જણાય છે ૩૬૫ દિવસમાં એક વાર સૂર્યની પરિક્રમા કરી આવે છે ત્યારે એક સૌર્ય વર્ષ થાય છે. જૈન આચાર્યો એ ત્રિલોકસાર આદિ ગ્રંથોમાં બરાબર આથી વિરૂદ્ધ પ્રકારનો નિર્ણય સ્થાપ્યો છે તેનું કિંચિત સ્વરૂપ અત્ર વિચારીએ.

પૃથ્વીના સબંધમાં જૈન સિદ્ધાંત અને યુરોપીય સિદ્ધાંત મુખ્ય બે ભેદ જોવાય છે. યુરોપીય વિદ્વાનો કહે છે કે પૃથ્વી ગોળ અને ગતિમાન છે જ્યારે જૈનો કહે છે કે પૃથ્વી સપાટ અને સ્થિર છે. યુરોપીય વિદ્વાનોએ પૃથ્વીના ગોળપણા તથા ગતિમાનપણા વિષે બાંધેલા અભિપ્રાયો કયાં સુધી સત્ય છે તે જોવાનો અહિ પ્રયત્ન કરીશું.

પૃથ્વીની ગોળાઇના સબંધમાં યૂરોપીય વિદ્વાન આ પ્રમાણે હેતુ આપે છે કે પૃથ્વી ગોળ છે, કારણકે દૂર દેશથી સમુદ્રમાં આવતાં વહાણનો પ્રથમ શિરોભાગ જ નજરે પડે છે અને જેમ જેમ તે કીનારાની નજીકમાં આવતું જાય છે તેમ તેમ તેની નીચેનો ભાગ દષ્ટિગોચર થતો જાય છે જ્યાં સુધી વહાણ દૂર હોય છે ત્યાં સુધી સમુદ્રની સપાટીનો ગોળ વિભાગ વચમાં આવી જવાથી વહાણની નીચેનો ભાગ-નજરે પડી શકતો નથી. આથી સિદ્ધ થાય છે કે પૃથ્વી દડાની માફક ગોળ છે. યુરોપીય વિદ્વાનોનો આ હેતુ યોગ્ય નથી કારણ કે તે બાધિત વિષય નામક હેત્વાભાસ વાળો છે સમુદ્રની સપાટીને ગોળ માનવામાં આવે છે તેજ યુરોપીય વિદ્વાનો-નો મોટો ભ્રમ છે. સમુદ્રની સપાટી ગોળ નહિ પરંતુ ચોરસ છે કારણકે તે જલ-ભાગ છે-જેટલા જેટલા જલ ભાગ હોય છે તેની સપાટી હંમેશાં ચોરસ-સપાટ જ હોય છે. દાખલા તરીકે-નદી-તળાવ વિગેરે. સમુદ્ર પણ એક જલ ભાગ છે એટલા માટે તેની સપાટી પણ ચોરસ જ છે. આથી કરીને સમુદ્રની સપાટીને ગોળ માની પૃથ્વીની ગોળાઇનો યુરોપીય વિદ્વાનોએ બાંધેલો અભિપ્રાય આદર પામતો નથી. હવે એજ અભિપ્રાય બીજી રીતે તપાસીએ. તમે થોડો વખત મારી સાથે આફ્રિકાના જંગલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાલો. આ જંગલમાં જેટલે દૂર સુધી તમારી નજર પહોંચી શકે ત્યાં સુધી સમર્થ–વિચક્ષણ ઇંજીનીયરને બોલાવી તેટલી જગ્યા ગુણીયા કે કોઈ એવી બીજી વસ્તુ નખાવી ચોરસ કરાવી લ્યો. ત્યારપછી તમારી દૃષ્ટિના છેક સીમાના સ્થાન ઉપર એક વહાણ મૂકો. આમ કર્યા પછી ધારીને જોશો તો જણાશે કે સમુદ્રના જલભાગ ઉપર જેટલો અને જેવો શિરોભાગ વહાણનો નીરખાતો હતો તેટલોજ અને તેવો શિરોભાગ આ મેદાનની સપાટ કિંવા ચોરસ જગ્યા ઉપર પણ જણાયા વિના રહેશે નહિં. આટલાજ માટે યુરોપીયન વિદ્વાનોએ સમુદ્રના જલ ભાગને ગોળ માની પૃથ્વીની ગોળાઇનો બાંધેલો અભિપ્રાય પૂર્વાચાર્યોએ વ્યભિચારી ઠરાવ્યો છે એમ સહેજે સમજી શકાશે. કદાચ તમે સમુદ્રની સપાટીને ચોરસ નહીં માનતાં ગોળ અર્થાત્ ક્યાંઇ ઉંચી–ક્યાંય નીચી એમ માનશો તો સમુદ્રની સપાટીને આધારે મપાયેલા ઉંચા ઉંચા પર્વતના શિખરોની ઉંચાઈના સઘળાજ પ્રમાણો રદ કરવા પડશે, કારણકે પર્વતના શિખરોનું માપ હંમેશાં સમુદ્રની સપાટીથીજ માપવામાં આવે છે અને જ્યારે સમુદ્રની સપાટી ઉંચી નીચી અર્થાત ગોળ માનશો ત્યારે અમુક શિખર સમુદ્રની સપાટીથી અમુક સંખ્યાના ફ્રીટવાળી ઉંચાઇનો છે એમ એક સરખી રીતે કહીજ કેમ શકાશે ?

અહિં ઘણાઓને એવી શંકા આવવી સંભવિત છે કે જો સમુદ્રની સપાટી ચોરસ છે અને વચમાં દૃષ્ટિની પ્રતિબંધક વસ્તુ કોઇ વચમાં છે નહિ તો પછી આખું વહાણ ન દેખાતાં તેનો અમુક ભાગજ દૃષ્ટિગોચર થાય છે તેનું શું કારણ ? આનો ઉત્તર સ્પષ્ટ છે, પ્રાયઃ સર્વ વાંચનારાઓ સારી રીતે જાણતા હશે કે એક પદાર્થ જેમ જેમ આપણી દૃષ્ટિ મર્યાદામાંથી દૂર દૂર જવા લાગે છે તેમ તેમ તેની લંબાઇ પહોળાઈ નાની નાની ભાસવા લાગે છે. ચિત્રવિદ્યાના અભ્યાસીઓ ઘણી સહેલાઇથી સમજી શકે છે કે બે હજાર ગજ લંબાઈવાળું ચિત્ર પાંચસે ગજ ઉંચે હોય તો તેની ઉંચાઇને સુચવનારી રેખાઓ પણ ક્રમથી નાની નાની ખેંચવી પડે છે એજ રીતે સમુદ્રના કિનારાથી છુટું પડેલું વહાણ કિનારાથી જેમ જેમ દૂર જતું જાય છે તેમ તેમ તે નાનું નાનું દીસવા લાગે છે અને અન્તે તે દૃષ્ટિથી અગોચર પણ થઈ જાય છે. જે વખતે તે બહુજ નાનું જણાય છે ત્યારે તેને દેખનારા મનુષ્યો તેના શિરોભાગની કલ્પના કરી લે છે, પણ તે એક પ્રકારની ભૂલ કરે છે અગર વસ્તુતઃ તેનો મથાળાનો ભાગજ જણાતો હોય તો તેની ધજા તથા ધરી પણ દેખાવીજ જોઈએ પરંતુ તેમ જણાતું નથી. એ પરથીજ આ બીના સિદ્ધ થવી યોગ્ય છે કે વહાણની લઘુતા એ પૃથ્વીની ગોળાઇને નહીં પણ વહાણની દૂરતાને સૂચવે છે અથવા આની સુગમ પરીક્ષા એક બીજી રીતે પણ થઇ શકે. જ્યારે એક વહાણ કિનારાથી છુટું પડી જવા લાગે અને દૃષ્ટિની સીમાની પેલી પાર પહોંચે ત્યાંસુધી તેના એક પછી એક એમ ચિત્રો–ફોટોગ્રાફ લેવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો બરાબર ખાત્રી થયા વિના રહે નહિ. જો વહાણુના છેલ્લા ફોટોગ્રાફમાં કેવળ વહાણુના શિરોભાગનોજ આબેહુબ ફોટોગ્રાફ આવે અને બાકીના ભાગો જેને પૃથ્વીની ગોળાઇ કહેવામાં આવે છે તેમાં ઢંકાઇ જાય તો આ વિષય પુનઃ વિચારવા લાયક થાય. પરીક્ષા પ્રધાની બંધુઓ આવા પ્રકારનો પ્રયત્ન કરે અને તેનો નિર્ણય પ્રગટ કરે એવી પ્રાર્થના અહીંઆ પ્રાસંગિક નહિં લેખાય.

પૃથ્વીની એ પ્રકારની ગતિ સિદ્ધ કરવા દિવસ તથા રાત્રી અને રૂતુના ફેરફારના હેતુઓ આપણી આગળ મુકવામાં આવે છે પણુ તે બંન્ને હેતુ વ્યભિચારી છે, કારણુકે જે રીતે સૂર્યને સ્થિર માની પૃથ્વીની ગતિથી દિવસ રાત્રી તથા રૂતુ વિગેરેના ફેરફારની કલ્પના કરવામાં આવે છે તેવીજ રીતે પૃથ્વીને સ્થિર માનવાથી અને સૂર્યને ગતિમાન માનવાથી પણુ ફેરફારની સંભાવનામાં વાંધો ઉઠતો નથી; પરંતુ ખરી રીતે સૂર્યની ગતિ સિદ્ધ કરવાને વધારે સબળ કારણો છે સૂર્ય ગતિમાન છે કારણુકે તે દેશ દેશાંતર પ્રાપ્તિમાન છે. જે વસ્તુ દેશ–દેશાંતર પ્રાપ્તિમાન થઇ શકે છે તે ગતિમાન હોય છે. દાખલા તરીકે વહાણુ, આગગાડી, વિગેરે, સૂર્ય પણુ દેશ–દેશાંતર પ્રાપ્તિમાન છે તેથી તે ગતિમાન છે. અહીંઆ કોઇને શંકા થશે કે સૂર્ય એક દેશમાંથી બીજા દેશમાં ગતિ કરતો નથી, પણુ તે એકજ જગ્યાએ સ્થિર રહે છે. પ્રેક્ષકોને સૂર્ય ફરતો જોવામાં આવે છે તે ભ્રમાત્મક જ્ઞાન છે. ચાલતી આગગાડીમાં કે વહાણુમાં બેસનારાઓને જેમ આસપાસના વૃક્ષાદિ ચાલતા જણાય છે તેમ નિરંતર ફરતી પૃથ્વી ઉપર નિવસતા મનુષ્યોને પણુ ભ્રમથી સૂર્ય દેશાન્તરમાં જતો હોય તેમ જણાય છે. આ શંકા યુક્તિ સંગત નથી કારણુ કે પ્રત્યક્ષ પ્રમાણુમાં જ્યાં સુધી બાધક હેતુ આવે નહિં ત્યાં સુધી તે મિથ્યા થઇ શકતું નથી. અન્યથા પ્રત્યક્ષ પ્રમાણુના ઉચ્છેદનોજ પ્રસંગ આવે છતાં પૃથ્વીને ફરતી માનવાથી પૃથ્વીમાં જે આકર્ષણુ શક્તિનો આરોપ પાશ્ચાત્ય પંડિતોને કરવો પડ્યો છે તેની નિઃસારતા તપાસવાથી આ પૃથ્વીની સ્થિરતા વધારે સારી રીતે સિદ્ધ થઇ શકવા યોગ્ય છે, તેથી તે વિષય વિચારીયે. સર ઐઝાક ન્યુટને ફળને પૃથ્વી ઉપર પડતા જોયું અને તુરતજ પૃથ્વીમાં આકર્ષણુ શક્તિ છે એવો નિયમ સ્થાપ્યો. આ નિયમની સાથેજ ન્યુટન સાહેબની દૃષ્ટિ સૂર્ય ઉપર પડી. અને ત્યાં પણુ એવીજ આકર્ષણુ શક્તિનો પ્રાદુર્ભાવ માન્યો. બસ પ્રોફેસર સાહેબના મનથી પૃથ્વી અને સૂર્ય પરસ્પર આકર્ષણુ કરવા લાગ્યા. અને તે એ પ્રમાણે પૃથ્વી સૂર્યની ચારે તરફ ફરવા લાગી. આ રીતે પૃથ્વી તથા સૂર્યની આકર્ષણુ શક્તિરૂપ હેતુથી પૃથ્વીની ગતિ સિદ્ધ થઇ, પરંતુ તે હેતુ યથાર્થ નથી કારણુકે પૃથ્વીમાં આકર્ષણુ શક્તિ હોય તો સવાલ એ થાય છે કે એ શકિત પૃથ્વીના સઘળા પરમાણુઓમાં છે કે કેવળ પૃથ્વીના કેન્દ્રસ્થ પરમાણુઓમાં છે? અગર કેન્દ્રસ્થ પરમાણુઓમાં આકર્ષણુ શક્તિ હોય તો પૃથ્વીના ઢલતા સ્થાનમાં રાખેલી પથ્થરની ગોળી નીચે ગબડી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડવી ન જોઇએ, કારણ કે જે પ્રદેશમાં ગોળી રાખવામાં આવી છે તે પ્રદેશથી પૃથ્વીના કેન્દ્ર સુધી જેટલી રેખાઓ ખેંચવામાં આવશે તે સર્વમાં નાની રેખા તે બન્ને બિન્દુઓની વચલી સરલ રેખા બનશે. આકર્ષણ શક્તિનો એક એવો નિયમ છે કે જેમ ઓછે દૂર આકર્ષ્ય પદાર્થ હોય છે તેમ આકર્ષણ શક્તિનો પ્રયોગ વધારે બલવાન થાય છે અને જો વધારે દૂર હોય છે તો આકર્ષણ શક્તિનો પ્રયોગ બહુજ શિથિલ બને છે એટલા માટે પૃથ્વીના કેન્દ્રસ્થાનથી પથ્થરની ગોળી સુધી સરલ રેખાદ્વારા પહોંચેલી આકર્ષણ શક્તિનોજ વધારે બળવાન પ્રયોગ થવાથી ગોળી ત્યાંની ત્યાં સ્થિર જ રહેવી જોઇએ; પરંતુ તેમ થતું જોવામાં આવતું નથી હવે બીજો પ્રશ્ન લઇએ, ધારો કે પૃથ્વીના સઘળાજ પરમાણુઓમાં એવી શક્તિ છે અને એક બરાબર ચોરસ જગ્યા ઉપર એક પથ્થરની ગોળી સ્થિર મુકવામાં આવી છે જે કોઇ તરફ ઢળી પડતી નથી. કારણકે પૃથ્વીના ચારે તરફના પરમાણુઓ તેને એકસરખી રીતે આકર્ષતા હોવાથી તે સ્થિરજ રહે છે હવે થોડી વારે પથ્થરની ગોળી-ની પશ્ચિમ દિશા તરફની બે ત્રણ માટી ખોદી પૂર્વ દિશામાં મૂકવામાં આવી આથી પશ્ચિમ દિશા ઢાળ પડતી થઇ અને ત્યાંની માટી પૂર્વમાં આવવાથી પૂર્વ તરફની જમીન ઉંચી થઇ એટલે પૂર્વ તરફની પૃથ્વીના પરમાણુઓ વધારે થયાં અને પશ્ચિમ તરફનાં ઓછાં થયાં આથી કરીને ગોળી અધિક આકર્ષણ શક્તિથી ખેંચા-ઇને પૂર્વ તરફ જવી જોઇએ, પરંતુ તેથી જુદીજ રીતે તે પશ્ચિમ ભણી ઢળી પડતી જોવામાં આવે છે આ પરથી સિદ્ધ થાય છે કે પૃથ્વીમાં માનવામાં આવેલી આકર્ષણ શક્તિ યથાર્થ નથી.

**=જૈનમિત્ર.**

## પુરાણનો જંબુદ્વીપ.

કુરૂક્ષેત્ર=ઉત્તર કુરૂવર્ષ=ઉત્તરસમુદ્ર પાસે દક્ષિણાંશે છે તે કુરૂવંશીઓનું સંકેત સ્થાન.

શ્રંગવાનપર્વત=સાયાન્પવર્તમાલા. આલ્તાઇપર્વત શ્રેણીની ઉત્તરમાં રહેલ બાઈકલ સરોવરને બારનોલની વચ્ચે.

હિરણ્યવર્ષ=સાયાનપર્વતમાલાની મધ્યનો ભાગ.

શ્વેતગિરિ=સાયાનપર્વતમાલાની દક્ષિણે રહેલ આલ્તાઇપર્વતની શ્રેણી ચીનની ઉત્તરે.

રમ્યગિરિ=આલ્તાઇથી દક્ષિણે ને થીયાન્શાન્ પર્વતની ઉત્તરનો પ્રદેશ.

નીલપર્વત=થીયાન્શાન્ ( તે પાસે નીલવર્ષ જણાવે છે ) ( + ) ચીનના વાયવ્ય ખૂણે–પૂર્વતુર્કસ્થાનની ઉત્તરે છે.

કેતુમાલવર્ષ=હિંદુકુશપાસેનું ક્ષેત્ર; બંગ ને રાઢનો પ્રદેશ.

ગન્ધમાદન=હિંદુકુશપર્વત.

ઇલાવૃત=इरा–जल. ઇરાવતી પંજાબ કે બ્રહ્મદેશની નદી તે પામીરની માલાભૂમિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેરૂપર્વત=જે પર્વતશ્રેણી સાઇબેરીયાના ઉ૦ પૂ૦ ના મધ્યખુણેથી નીકળી ઇગ્રેજી માન ચિત્રોનો સ્તાનોબોઇ ઇયાબ્લાનોઇ સાયાન્ પીમીરનો મધ્યભાગ આઇતાંગ હિંદુકુશ, કાસ્યપીયન આગરના દક્ષિણ ભાગ ભાગી જઇ એશિયામાઈનોર પર્યંત ગયો છે ને એશિયાખંડના બે ભાગ કર્યા છે.

માલ્યવાનપર્વત=આલ્તિન તાગપર્વત.

ભદ્રાશ્વવર્ષ=આલ્તીનતાગનીપૂર્વે–તીબેટના ઇશાનમાં ને ચીનથી ( ઉ૦ પૂ૦ કાનસુનો પ્રદેશ.

નીષધપર્વત=પામીરનો મુસ્તાગ અથવા કારકોરમ.

હરિવર્ષક્ષેત્ર=કાશ્મીરની ઉત્તરે કારાકોરમ પાસેનો પ્રદેશ.

હીમકુટગીરી=

કિંપુરૂષક્ષેત્ર=વર્ષ=કાશ્મીર.

હીમવાનપર્વત=

ભરતક્ષેત્ર=કુમારિથી ગંગા સુધી. નવમ દ્વીપ તેની ઉત્તરમાં ચીન છે.

જાંબુનાદ=તીબેટની મોટી ચાંમ્યુ નદી.

સિન્ધુ=સિન્ધુ, ચક્ષુ=આમુદરીયા, અક્ષિ=ઓકસુસનદીઓ.

દ્વીપ=( દોઆપ્ ) જલમાથે, શક=ચક્ષુઅક્ષિમધ્યે, સગ્દિયાના–ગ્રીક.

જંબુદ્વીપ=કોઇભાગ, પ્લક્ષદ્વિપ=સિંધુસામુદરીયા મધ્યે.

ધાતકીખંડ–પંજાબ, ઇંદ્રદ્વિપ=બ્રહ્મદેશ, ઋક્ષ=અમરકટકમાલ ભૂમિ.

ઉત્તરોતરે=અફઘાનિસ્તાન વિગેરે; તામ્રપર્ણ=સિંહલદ્વિપ.

ચક્ષુ–અક્ષિ=જલ, મયુરાક્ષિ=મોર જેવું પાણી.

## સાત પર્વતો—

હિમાલય=હિમાલય.

પારિપાત્ર=વિંધ્યાચલ.

શક્તિ=

મહેન્દ્ર=ઓડિષ્યાનો નિલગીરી.

વિંધ્ય=મધ્ય પ્રદેશની પર્વતની શ્રેણી.

સંહ્યાદ્રિ=પશ્ચિમઘાટ તરફની શ્રેણી.

મલય=દક્ષિણનો આનામલ પર્વત.

લી૦ **માકડનેલ, અને નેકીથ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આદર્શ જૈન કેવો હોવો જોઈયે.*

( લે. વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. )

ભારત વર્ષમાં આજદીન સુધી અવનવા અત્યુત્તમ આદર્શો આળેખનાર, આળેખી જીવનમાં ભેળવનાર, અને તે આદર્શમય જીવનનું સ્વર્ગીય નાવ સંસારસાગરમાં ઝંપલાવી પ્રકીર્ણ રીતે પાર ઉતારનાર, પરમપૂજ્ય મહર્ષીયોના કર્ણપ્રિય અને જાજ્વલ્યમાન નામો આપણે સાંભળ્યા છે, અને તેથી આપણે એમ અનુમાન બાંધી શકીયે કે ભારતમાતાને જેટલા આદર્શ પુત્રોની માતા થવાનું માન મળ્યું છે તેટલા આદર્શ પુત્રોની માતા થવાનું માન ભાગ્યે કોઈપણ દેશને મળ્યું હશે. ગમે તે ધર્મ લ્યો, ગમે તે ન્યાત જુવો અગર ગમે તે સોસાયટી તપાસો, ત્યાં તમોને જરૂર એકાદ–બે ઉત્તમ હીરા હાથમાં આવ્યા વગર નહી રહે. તેમાંએ સૌથી વધારે આદર્શ રત્નો ઉત્પન્ન કર્યાનું માન તો જૈન કોમનેજ આપી શકાય. આ એવું નગ્ન સત્ય છે કે જૈનશાસ્ત્રના સ્હેજ પણ અભ્યાસીને તરતજ માલુમ પડી આવશે, તેના ઘણાજ કારણો છે. (૧) જૈન ધર્મ એક ઘણોજ પુરાતન ધર્મ છે. નથી જડતી તેની આદિ કે નથી ખોળી શકાતું એનું પ્રેરકત્વ. નહોતી થતી એના અનુયાયીઓની ગણત્રી કે નહોતી એની જ્ઞાન ક્રિયામાં ઉણપ. એક અતિ વિશાળ ઉદધિની માફક એ ધર્મ ચારે સીમાઓમાં પોતાનો પ્રેમપ્રકાશ પાડી ભારતપુત્રોને અહીંસાના અનુપમ ઝરામાં સ્નાન કરાવી પવિત્રતાની પરાકોટીનું પાન કરાવતો હતો. જેમ સમુદ્ર, હજારો અમૂલ્ય મોકિતકના જનેતા હોવાનું માન ધરાવે છે તેમ, આ અતિ વિશાળ વીર–શાસન પણ હજારો આદર્શ વીરોના જનેતા હોવાનું મહાભાગ્ય ધરાવે છે. પછી કયાં આદર્શ રત્નોની ખોટ હોય? (૨) જૈનોને આદર્શત્વના શિખરે સહેલ કરવાને જોઇતી સર્વે સામગ્રી મળી શકતી. કારણ પહેલાના વખતમાં રાજ્ય કારભાર, રાજ્યધુરા અને રાજ્યાવહન પણ તેમનાજ હાથમાં હતું. આપણો ધર્મ ક્ષત્રિયોનો ધર્મ હતો અને એ જૈન નરાધિપો અને જૈન મંત્રીયો જ આપણા આદર્શ જૈનો હતા. નહી કે તેમનામાં રાજ્ય કરવાના ગુણો હતા તેથી; પરન્તુ તેમનામાં સાથે સાથે સાચા જૈનત્વના પણ પુરા ગુણો હતા. વળી તીર્થંકર વાણી અને ગણધર બુદ્ધિથી ગુંથાયેલા આપણા વિશાળ શાસ્ત્રોનું હંમેશનું વાચન, મનન અને પરિણમન પણ સમ્યકત્વની પ્રાપ્તિ કરાવવા માટે સમર્થ છે. આ બધાએ કારણો જૈનોમાં ઘણા આદર્શ રત્નો હતા એના

* ( શ્રી જૈન બાળ મીત્ર મંડળ તરફથી લખાયેલ ઇનામી નીબંધ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પષ્ટીકરણ માટે પુરતા છે. આદર્શત્વને આ પ્રમાણે સમજ્યા પછી હવે આદર્શ જૈન કેમ થવાય, તે વિષે વિચાર કરીયે.

આદર્શ જૈન હંમેશા સમ્યકત્વાભિમુખ હોય, સંસારમાં રહી સંસાર કારણીભૂત બાહ્યાભ્યંતર ક્રિયા સેવતો થકો હંમેશા તેની વૃત્તિઓ સમ્યકત્વ તરફ પલોટાવી જોઇયે. તેનું સંસારી કાર્યમાત્ર પશ્ચાત્તાપપૂર્વક થતું હોય. જેમ જળમાં કમળ રહે છે પણ જળને સ્પર્શ નથી કરતું તેવી રીતે સંસારી જીવ સંસારમાં રહ્યા છતાં સંસારથી બાહ્ય થવા પ્રયત્ન કરે. દુનિયાની ક્ષણિકતા અને જીવની અમરતાનું ભાન થાય એટલે વૈરાગ્ય આવે, અને વૈરાગ્યની વૃદ્ધિ થતાંજ જે વસ્તુ જેવી છે તેને તેવીજ નિહાળે એટલે સમ્યકત્વ પેદા થાય. સમ્યકત્વ એટલે સમ્યક્દર્શન, સમ્યક્‌જ્ઞાન અને સમ્યક્‌ચારિત્ર. સમ્યકત્વ એટલે આત્માનું ખરૂં ભાન તેજ સર્વ પ્રકારના પાપ ધોવા માટે તીર્થરૂપ છે, અને આત્માની અનંત શકિતઓના વિકાસ માટે સહાયરૂપ છે. વળી આદર્શ જૈન હંમેશા પરમાત્માનીજ ભાવના ભાવે. પોતાના આત્માને પહેલાં અંતરાત્મા બનાવે અને એ અંતરાત્માને પરમાત્મા બનાવવા માટે યથાશકિત પ્રયાસ કરે.

આદર્શ જૈનને નિરંતર શાસ્ત્રનો અભ્યાસ ચાલુ રહેવો જોઇયે. શ્રુતજ્ઞાન એ સમ્યકત્વની સાધનાનું બીજું દ્વાર શાસ્ત્રમાં કહ્યું છે, ધર્મના પુસ્તકોનું અધ્યયન એ તેનો જીવનમંત્ર હોવો જોઇયે. સાહિત્યનો શોખ એને કુદરતીજ હોય. કહ્યું છે કે રાજા મહારાજાઓ કરતાં પણ અધિક પૂજાસ્થાન હંમેશા પંડિતોજ હોય છે. એટલે આપણો આદર્શ જૈન પણ નયાગમ વિગેરે સઘળી વાતોનો જાણ હોય કે જેથી તે પોતાનું અને પરનું કલ્યાણ કરી શકે.

શાસ્ત્ર વાંચન જોડે શ્રદ્ધા તો જોઈયેજ. કારણ શ્રદ્ધા વિના જ્ઞાનનો ઉદ્‌ભવજ નથી. શાસ્ત્રમાં પણ ચોકખું કહ્યું છે કે પહેલાં, શ્રદ્ધા ત્યારપછીજ જ્ઞાન. આદર્શ જૈનમાં શ્રદ્ધાપૂર્વક, શાસ્ત્ર વાંચન મનન અને પરિશીલન હોવું જ જોઇયે. શ્રદ્ધા વડેજ જ્ઞાનના સઘળા આચારો સચવાય છે, જ્ઞાનનું બહુમાન થાય છે. જ્ઞાનાવરણીય દોષોનો નાશ કરી શકાય છે અને શ્રદ્ધાથીજ સમકિત દ્વાર ખુલ્લા થાય છે. માટે સઘળું જ્ઞાન શ્રદ્ધાપૂર્વકજ હોવું જોઇયે.

આટલી આદર્શ જૈન માટેની માનસિક જીવનની વ્યુત્પત્તિ દોરાઇ કારણ હંમેશાં "મન સાધ્યું તેણે સઘળું સાધ્યું" એ નિયમ પ્રમાણે મન નિર્મળ હોય તોજ સંસારી જીવ માટે આવશ્યક બાહ્યાચારોમાં નિર્મળતા આવે. હવે આપણે આપણા આદર્શ જૈનના સાંસારીક વ્યવહારો તરફ પીછી ફેરવીએ.

આદર્શ જૈન સાંસારી જીવ હોઇ સંસારીક ઉપાધિમાંથી કદાપિ બચી શકે નહી એ વાત ખરી, છતાં પણ જેમ બને તેમ ન્યારો રહી સંસારની અંદર કેવળ ધર્મકરણી માટે પોતાનું જીવન વ્યતીત કરે અને ધાર્મિક કાર્યો કરવામાંજ મશગુલ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બને. ઉદરનિર્વાહ કરવા માટે દ્રવ્યોપાર્જન કરવું પડે તથાપિ એ મહાપુરૂષ તો હમેશાં ન્યાયથીજ પૈસા પેદા કરવાના રસ્તા યોજે. એનો સઘળો વૈભવ ન્યાયસંપન્ન જ હોવો જોઇયે. "ન્યાય સંપન્ન વિભવ" એ સૂત્ર જૈન ધર્મનું પ્રથમ અંગ છે. એ ધર્મને ગ્રહણ કરનાર જૈનોની હાલની સ્થિતિ નીહાળીશું તો કાંઇ જુદોજ વર્તાવ જણાશે. આજે જૈનો માથે અનીતિથી પૈસા પેદા કરવાનું કલંક છે. ભારતવર્ષની અંદર વાણિજ્યમાં પ્રથમ પદ ભોગવતી જૈન કોમ અત્યારે પૈસાની ગુલામ બની ગઇ છે. પૈસો કોઈપણ પ્રકારે પ્રાપ્ત કરવો એ તેનું ધ્યેય થઇ પડયું છે. જોતા નથી તેમાં ન્યાય કે અન્યાય, દોષ કે ગુણ, નીતિ કે વ્યવહાર. આદર્શ જૈન આ નીતિથી તદ્દન નિરાળો હોય, તેનાથી કોઇને છેતરાય તો નહીજ. ન્યાયમાર્ગે ભલે ગમે તેટલું દ્રવ્ય એકઠું કરે; પરંતુ ન્યાયનું લીલામ કરી, ખુલ્લે હાથે લોકનાં ગળાં રેંસી એક પાઇ પણ ન મેળવે, આદર્શ જૈનનો 'ન્યાય સંપન્ન વિભવ:' એ પહેલો આદર્શ હોવો જોઇએ.

આદર્શ જૈન ઉછાંછળી બુદ્ધિવાળો ન હોય, સ્વપરનો ઉપકાર કરવામાંજ અહોભાગ્ય માનતો હોય અને પારકાં છિદ્રોને ખોળવાની તેનામાં સ્વપ્ને પણ બુદ્ધિ ન હોય. ધર્મની બાબતમાં ઉછાંછળી બુદ્ધિ કદિ પણ કામમાં નથી આવતી. તેને માટે તો ડાહ્યો અને ઠરેલ માણસ જોઇયે અને તેને સારાખોટાનો વિવેક કરતાં પણ આવડવો જોઇએ. તેની મગજશકિત એવા અનુભવરૂપી અન્નથી વિકસેલી હોવી જોઇયે કે જે અનુભવના પ્રભાવ વડે તે કોઈપણ બાબતનો દીર્ઘદૃષ્ટિયે વિચાર કરવા ફતેહમંદ થાય. શાસ્ત્રમાં મનુષ્યના ત્રણ ભાગ પાડયા છે, અને તેને નાવ જોડે સરખાવ્યા છે. પહેલું પત્થરનું નાવ. જે પોતે પણ ડુબે અને આશ્રિતોને પણ ડુબાડે. બીજું કાગળનું નાવ કે જે પોતે તરે નહી અને બીજાને તારે નહી, અને ત્રીજુ કાષ્ટનું નાવ કે જે પોતે પણ તરે અને તેના સઘળાં આશ્રિતોને પણ તારવા સમર્થ થાય. આપણો આદર્શ જૈન કાષ્ટના નાવ સમાન જોઇયે. જેથી તે પોતે તો તરે પણ તેનું અવલંબન કરનારાઓને પણ તારે. વળી તેનું હૃદય સાગર જેટલું પહોળું અને ગંભીર જોઇયે, પારકી વાત તે કદાપિ ઉઘાડી ન પાડે અને હંમેશાં વિશ્વાસપાત્ર થવાના પ્રયત્નો કરે. તેની શ્રોત્રેન્દ્રિય, સદુપદેશ સાંભળવાને અર્થે હોય, નહી કે ખોટી નિંદાઓમાં ભાગ લેવાને અર્થે. તેની જિહ્વા, સદુપદેશ દેવાને અર્થે હોય, નહી કે ચાડી ચુગલી કરવાને માટે. ઇંગ્રેજીમાં કહેવત છે કે—"Give thy ears to all but thy judgment to none" એટલે સૌનું સાંભળે પણ પોતાનો અભિપ્રાય તો કોઇને પણ ન આપે, જેથી કરી કોઇને પણ વિના કારણે ખોટું લગાડવાના પ્રસંગોમાંથી તે બચે.

વળી તે લોકપ્રિય થવા માટે પણ હમેશાં પ્રયત્ન કરે, કારણ શાસનસેવા અને લોકપ્રિયતાની ગાંઠો એટલી બધી મજબૂત બંધાઇ છે કે શાસન સેવકને લોકપ્રિય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થવુંજ પડે. અસલના આચાર્યો શાસન ધૂરાનો અથાગ ભાર હંમેશા લોકપ્રિય જૈનોનેજ સોંપતા હતા. જેથી શાસનની પ્રભાવના થાય અને સેવાના ઉત્તમોત્તમ ફળ જનતા ચાખે. લોક પ્રિયતાના ગુણવડે, આદર્શ જૈનનું આદર્શત્વ ઘણે દરજ્જે સહેલું થઈ પડે છે માટે એ ગુણ ઘણો જરૂરીયાતનો છે

આદર્શ જૈન પ્રાયે કરી શાંત પ્રકૃતિ વાળો હોય, કદાપિ કોઈના ઉપર ગુસ્સે ન થાય અને કોઈને ગુસ્સે થવાના પ્રસંગો પણ ન આપે. પોતાનો સહજ સ્વભાવજ એવો હોય કે, પાસેનું સઘળું વાતાવરણ પણ શાંતિમય બની જાય, અને તેના સમાગમમાં આવતાં સઘળા જીવોને શાંતિ મળે. સૃષ્ટિને આંગણે સારામાં સારો આવકાર શાંત જીવોને જ મળે છે. હમણાં હમણાંજ કેટલાક શાંત મનુષ્યોએ આખી દુનિયાનું નેતૃત્વ ભોગવ્યું છે. માટેજ મ્હોટા અને આદર્શ મનુષ્યોમાં શાંતિનો ગુણ તો હોયજ.

આદર્શ જૈન હંમેશાં દયાળુ હોય. આ ગુણના યથાવિધ સ્પષ્ટીકરણ માટે જૈન શાસ્ત્રોમાં એટલું બધું લખ્યું છે કે પાનાના પાના ભરાય તોએ આરો ન આવે. દયા અને અહિંસા લગભગ એકમય હોઈ આપણે એ બન્નેને સાથે લઇશું. દયા ધર્મનું મૂળ છે એટલે હરકોઈ પ્રાણી તરફ દયા બતાવવી તે દરેકની ફરજ છે. ગમે તો તે પ્રાણી ન્હાનો હોય યા મ્હોટો હોય, એકિંદ્રીય હોય વા પંચેદ્રીય હોય તો પણ તે બધાને આદર્શ જૈન અભયદાન આપે. કોઇ પણ જીવની હિંસા કરતો તે અચકાય. અહિંસા, સંયમ અને તપ ઉપર તો આખા જૈન ધર્મનો આધાર છે. જૈન ધર્મ એટલેજ અહિંસા અને જૈનો એટલેજ અહિંસાનો નમુનો ' અહિંસા પરમો ધર્મ ' એ આપણો આદર્શ છે, આપણા શાસ્ત્રનો પ્રથમ સિદ્ધાંત છે અને આપણા શાસનનો પ્રથમ સ્થંભ છે. અહિંસા વિનાનો જૈન ધર્મ સંભવેજ નહી. આજ કોઇ પણ જૈન છાતી ઠોકીને કહી શકશે કે ન્હાનામ્હોટા જગતના સર્વ જીવોને અભયદાન આપવામાં જૈનોએ જેટલી બાથ ભીડી છે અને જેટલી શકિત કેળવી છે તેટલી તો કોઇ પણ ધર્મના અનુ યાયીયોએ કેળવી નહી હોય. આદર્શ જૈનની મુખ્ય ફરજ એ છે કે પોતે તો મન વચન અને કાયાથી અહિંસા પાળે પરંતુ આખા જગતને પણ અહિંસાના નિર્મળ ઝરામાં સ્નાન કરાવી પુનિત બનાવે. જગતનું ભલું દયા માર્ગથી જ થશે. દયા નહી હોય ત્યાં મનુષ્યત્વ નહીં સંભવે. દુનિયાને હાલ એક અહિંસાની હાકલ મારનાર વ્યકિતની ખાસ જરૂર છે અને તે જરૂર આપણો આદર્શ જૈન પુરી પાડશે. અહિંસા રૂપી નાવનું સુકાન તેજ લેશે અને અહિંસાનું સૂત્ર પણ જગતને તેજ શીખવશે. આદર્શ જૈનની સઘળી પ્રવૃત્તિયો દયા અને અહિંસામય હોય.

આપણા આદર્શ જૈનમાં ક્ષમાભાવનો ઝરો તો હંમેશાં વહ્યાજ કરે. તે કદાપિ કોઇની સામે વેરભાવની દૃષ્ટિયે નજ જુવે કે વેર લેવાની આશા ન રાખે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હંમેશા તે પર અપરાધ ભૂલી જઇ ક્ષમા આપવા તૈયાર થાય. તેનો આદર્શ એજ હોય કે–' क्षमा वीरस्य भूषणम् ' ! ક્ષમા માટે આપણા ચરમ તીર્થંકર ભગવાન મહાવીરનો દાખલો હંમેશા મનન કરવા જેવો છે. ક્ષમા એ મનને કાબુમાં લાવવા માટે ઉત્તમ સાધન છે. જો મનને જીતવું એ મનુષ્ય માત્રની ફરજ હોય તો ક્ષમા આપવી એ પણ મનુષ્ય માત્રની ફરજ હોય. આત્માના પરિણામોની નિર્મળતા એ ક્ષમા–સમતા આદિ ઉચ્ચ ગુણો ઉપર વધુ આધાર રાખે છે. માટે આત્માનું ઇષ્ટ ઇચ્છનાર આપણા આદર્શજૈને હંમેશા આવા ગુણો કેળવવા જોઇયે.

આદર્શ જૈન હંમેશા ગુણાનુરાગી હોય. તે હંમેશાં બધામાંથી ગુણો મેળવવાજ પ્રયત્ન કરે. જ્ઞાન ઉપાર્જન કરવામાટે ગુણાનુરાગીતાની ખાસ જરૂર છે. તે હંમેશાં ગુણી જનનું બહુમાન કરે, વિનય કરે અને તે પ્રકારેજ તેના ગુણની પ્રાપ્તિ કરે.

આદર્શ જૈન એટલે આદર્શ દેશવિરતી અને દેશવિરતી ધર્મને ગ્રહણ કરનાર, હરઘડી સર્વ વિરતીની ઇચ્છાવાળો હોય અને સમય આવે સર્વ વિરતીને ગ્રહણ કરનાર હોય. તેનામાં સર્વ વિરતીની ભાવના ઠાંસી ઠાંસીને ભરી હોય. કદાચ શકિતની મંદતાને લઇ સર્વવિરતી ન લે તોપણ સર્વ વિરતીઓની અનુમોદના કરવાનું તો જરાપણ ચૂકે નહી.

આદર્શ જૈન સંસાર વ્યવહારોને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શુદ્ધ રીતે મોહ વિના સેવે, શ્રાવકના સઘળા ગુણોનું પાલન કરે, પોતે વધુ પાળી શકતો નથી એ માટે પશ્ચાતાપ કરે અને જેમ બને તેમ વહેલું સમકિત પદ લેવા માટે વખત આવે સર્વવિરતી ગ્રહણ કરે કે જ્યાંથી પોતે જ્ઞાન, દર્શન ચારિત્ર શુદ્ધ કરી, મોક્ષ રમણીને વરે. જૈનના આદર્શતાની પરાકોટી એટલે આત્માનો મોક્ષ અને તેને માટે થતા પ્રવાસો તે એનું ધ્યેય. આદર્શ જૈનનું આદર્શત્વ ત્યાંજ સમાયેલું છે, અને એ આદર્શને ખીલવવાની શકિત પણ ઉપર કહેલા ગુણોને ખીલવવાથીજ મળી શકે છે. માટે સર્વ આદર્શ જૈનોએ ઉપર કહેલા ગુણોને અક્ષરશ: પાળી સમ્યકત્વના ધ્યેયને વધુ સહેલો બનાવવો જોઇયે. અટલું થાય એટલે આદર્શ જૈન કહેવાય. બીજા જૈનોને આદર્શ મળે અને તેને અનુસરે. એ આદર્શ જૈન બીજાઓ માટે એક ઝગહળતી દીપિકા બને. તેની તેજોમય જયોતથી અંજાઇ–તેની રમ્યતાથી બે ઘડી આનંદ પામી જગતના સર્વ પામર જીવો તેની તરફ આકર્ષાય, તેની કોટે બાધી પડે અને તેને અનુસરે.

લેખક.

**વાડીલાલ મોહોકમલાલ શાહ. બી. એ.**

For Private And Personal Use Only

# મંત્રી મુદ્રા.

## " એક ઐતિહાસિક ઘટના. "

### પ્રકરણ ૧ લું=" વનક્રીડા. "

ઈસ્વીસન પૂર્વે ૪૧૦માં હિન્દુસ્તાનના ઇતિહાસના પાના નિરખતાં અનેક દૈવી વ્યકિતના અસ્તિત્વનો આપણને પરિચય થાય છે. તેની પૂર્વકાલના ચાલતા આવેલા દૈવી જીવનને આ સદીયે પણ બહુજ સારી રીતે પોષણ આપવાનું ઇતિહાસ અજવાળું પાડે છે. તે અરસામાં પ્રજા આબાદ–સુખી હતી, મનુષ્યો નીતિમય અને વિચારશીલ હતા. રાજ્ય વ્યવહાર રાજા પ્રજાની ઐક્યતાથી તથા પવિત્રપણે ચાલતો હતો.

વસંત રૂતુનો સમય હતો, દિશાઓ ચારે તરફથી સુગંધિત થઇ રહી હતી, વૃક્ષઘટા શોભા પૂર્ણ બની રહી હતી, ભ્રમરો આનંદમાં મસ્ત બની માલતા હતા, અવનવા બનાવો પણ માનુષી જીવનમાં હર્ષોલ્લાસ પ્રગટાવતા હતા. અને કોયલો પણ પંચમ સ્વરના નિનાદ વડે વનને અદ્વૈતાનંદમય બનાવી રહી હતી. આ પ્રસંગે પાટલીપુત્ર નગરના ક્રીડાવનમાં સહસાવધિ લોકો આનંદભોગ કરતા હતા, કોઇ ગાતા હતા, કોઇ નાચતા હતા, કોઇ કુદતા હતા અને કોઇ તો આગંતુક જન–સમુદાયને એકદમ આકર્ષી પોતાની સાથે ખેલવા માટે આમંત્રણ કરતી હોયની શું ? એવા ચલસ્વભાવવાલા વિવિધ રંગી ઝાડો અને ફુલોને જોવામાં તલ્લીન બન્યા હતા. ક્રમે લોકોમાં આનંદની મધુર લહરીયો રેલમછેલ કરવા લાગી ! ખરેખર સૃષ્ટિના નૈસર્ગિક સૌન્દર્યમાં કોણ મુગ્ધ ન બને ?

દિવસનો ત્રીજો પહોર પૂર્ણ થતાંજ લોકોની મેદની ઘટવા લાગી, ને દરેક મનુષ્ય પોતપોતાના ઘર પ્રત્યે ચાલવા લાગ્યા, ટુંક મુદત પહેલાં જે વન, જન સમૂહના કોલાહલથી શબ્દગ્રસ્ત લાગતું હતું, તેમાં હવે માત્ર ઝાંણો ગુણગુણ શબ્દ સંભળાતો હતો. હવે તો વનની શાન્તિનો ભંગ કરનાર માત્ર એક યુવકમંડળ પણ સહાસ્ય વદને વનમાંથી બહાર નીકળી ગ્રામ પ્રત્યે ચાલવા લાગ્યું, અને ગામમાં પ્રવેશ કરી, કેટલોક રાજમાર્ગ ઓળંગી, એકદમ એક સુન્દર મકાનની નીચે જઇ અટક્યું. આ યુવક મંડળની ગતિનો રોધ થવાનું કારણ એક આછી ઓઢણીમાં ચમકતી સ્ત્રીનો શબ્દ હતો, તે સ્ત્રી, મંડળમાં દીપી નીકળતા એક કામદેવ સ્વરૂપ કુમાર પાસે જઈ, તેની સાથે કેટલીક વાતચીત કરી, અને તે તેજસ્વી કુમારનો હાથ પકડી, પોતાના મહેલમાં ચાલી ગઇ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# પ્રકરણ ૨ જું.

## સ્નેહબંધની પાશ.

રાત્રીએ પોતાની સાડી પૃથ્વીપટમાં પાથરી હતી, અહિં તહિં ભટકીને થાકી ગયેલા પક્ષીઓ, પોતાના બચ્ચાંને ગોદમાં રાખી શાંત્ત ચિત્તથી નિદ્રાનો ભોગ લેતા હતા.

ચાર ઘડી રાત્રી જતાં એક આલીશાન રાત્રી ભુવનમાં આરામ પલંગ ઉપર એક યુવતિ ખિન્નવદને બેઠી હતી. તેણીની સામે એક યુવક પણ બેઠો બેઠો શૂન્ય ચિત્તે કાંઇક શોચી રહ્યો હતો, આનંદમંદિરનો મધ્ય ભાગ ફરનીચરથી મોહક બન્યો હતો, અને મધ્યમાં ગોઠવેલ દીવો ઉંચા ડોકીયાં કરી યુવક–યુવતિને ચમકાવતો હતો.

આ યુવક યુવતિના હૃદયમાં અસ્થિરતા અને મુખ ઉપર લજ્જાની સંપૂર્ણ છાયા હતી. બન્ને બોલવાને તલસી રહ્યા હતા, પણ શબ્દો હોઠ પાસે આવતાજ વિલંબ થતો હતો, આથી પ્રથમ કોણ બોલશે તે સમજી શકાતું ન હતું.

અંતે આ મૌન સહન ન થઇ શકવાથી યુવતિ પોતાના તીવ્ર કટાક્ષને રંગીલા યુવક પર નાખતી સહાસ્ય બોલી કે–મંત્રીપુત્ર ? આપ કેમ બોલતા નથી ? ક્ષણવાર સુધી યુવતિને પોતાના પ્રશ્નનો ઉત્તર મળ્યો નહિં એટલે તે અધીરાઈથી ફરીવાર બોલી કે–અમારા અતિથિ બની આમ અબોલા રહેવાથી કેમ ચાલશે ? બોલો જોઇએ–મારૂં હૃદય તમોને હંમેશના અતિથિ બનાવવાનું કહે છે તો તેમ બનશે ?

આ કોયલના ટહુકાર જેવા પ્રેમભીના સ્વરથી અને શબ્દ ચમકથી યુવકની વિચારમાળા તૂટી પડી, અને સ્વસ્થ ચિત્ત કરી તે હાસ્ય કરતો બોલ્યો કે રમણી, મારે ને તમારે પરસ્પર ઓળખાણ ન હોવા છતાં પણ તમો મને આટલો આદર-સત્કાર કેમ આપો છો ?

મહાશય ! આપના પ્રશ્નનો ઉત્તર આપને સ્હેજે મળી શકે તેમ છે, પરંતુ મારા પ્રશ્નનો પ્રથમ ખુલાસો કરો. યુવકની વાતને વમળમાં નાંખતાં યુવતીએ મીઠું આમંત્રણ કર્યું.

આ સ્થાન જોતાં સ્ત્રીઓના સહવાસવાળું છે ? કોઇ પણ પુરૂષ દેખાતો નથી. જેથી અહિંની વિચિત્રતા કાંઇ સમજી શકાતી નથી, વળી તમો મને બંધવવા માગો છો તો સ્થાનનાં પરિચય વિના હું કેમ વચન આપી શકું ? આટલું બોલી તે યુવકે તે સ્ત્રી સામે દૃષ્ટિ નાંખી.

મહાપુરૂષ ! આવેલ અતિથિને પોતાની પરિસ્થિતિથી દુર રાખી ઠગબાજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેખાડવી એ સજ્જનતાનો ધર્મ નથી, તો હું સત્ય કહું છું કે આ સ્થાન તે વેશ્યાનું વિલાસભુવન છે, યુવતીએ આંખમાં મદની ખુમારી લાવી હૃદય ખાલી કરી સરળ ઉત્તર આપ્યો.

વેશ્યાનું સ્થાન એ ઘણું કુકર્મવાળું હોય છે ત્યારે તમારી દરેક વ્યક્તિમાં સરળતા ને શુદ્ધ પ્રેમ કેમ અનુભવાય છે, વિસ્મય પામતા યુવકે પ્રાસંગિક જાળ પાથરી.

આપ કહો છો તે સત્ય છે. વેશ્યાનું કૃત્ય પ્રચંડ પાપ છે. વેશ્યાઓ સ્વોદર પોષણ માટે સંગીત, કે નીચવૃત્તિરૂપી બે માર્ગને અવલંબે છે, તેમાંની સંગીતવૃત્તિવાળી વેશ્યાઓ સંતોષથી સદાચાર પાળે છે, ને નીચવૃત્તિવાળી વેશ્યાઓ પણ ભૂલ કરતાં હંમેશા મનમાં સંકોચાય છે–પીડાય છે–દુઃભાય છે, અને અનુકૂળ સાધનોની પ્રાપ્તિના અભાવે અક્ષમ્ય ભૂલ કર્યે જાય છે. પણ સાનુકૂળતા પ્રાપ્ત થતાં પોતાની નીચવૃત્તિને તિલાંજલી આપે છે.

વેશ્યાએ ભ્રમસ્ફોટ કરતાં ટકોર કરી મૌન પકડયું, વળી બીજી પળમાં ગર્જના કરતી બોલી ઉઠી કે, મહાશય! આ દેહ સત્ય પ્રેમનો ભૂખ્યો છે, કહો હવે આ ઘરના અતિથિ બનવા હા પાડશો ? આ વખતે વેશ્યાના મુખ ઉપર અનેરો ઓજસ ઝળકતો હતો.

કોશ્યા ! તમારૂં કહેવું સર્વથા સત્ય હશે; પરંતુ તમોને શું ઉત્તર આપવો તેનો નિશ્ચય હજી મારા મનમાં થયો નથી, ગુંચવાયેલું કોકડું ઉકેલતાં યુવક સપાટામાં એટલા શબ્દ બોલી ગયો.

યુવતિની રગેરગમાં ઝનુન હતું, તેની કોમલ દેહલતા કંપતી હતી, તે મંત્રી પુત્રનો અધુરો ઉત્તર સાંભળીને તેના હાથને પોતાનાં હાથમાં લઇ બોલવા લાગી કે શું હજી તમોને મારાપર અવિશ્વાસ આવે છે? સુજ્ઞ પુરૂષો વિષ્ટામાંથી પણ રત્ન લઇ લે છે એ નીતિ સૂત્રાનુસારે જીગરથી ચાહનાર સ્ત્રીરત્નનું આતિથ્ય ન સ્વીકારી શકો એ શું તમારી જેવા ચતુર પુરૂષને ઉચિત છે? શું મનમાં દુઃખ પામતી ને અનાચારમાં પ્રવૃત એક સુન્દર બાળાનો ઉદ્ધાર કરવા તમારૂં મન ના પાડે છે? અધમ રસ્તે ચડેલીને અધમતામાં રીબાવી રાખવી કે રસ્તેથી સન્માર્ગમાં આવતી હોય તો આવવા દેવી? કહો, તમારૂં હૃદય શું કહે છે?

હું તો તમારા સહવાસમાં અન્ય પુરૂષને નહિં ચાહવાને હૃદયમાં ચોક્કસ કરી ચુકી છું, હું મંત્રીપુત્રનેજ વરી ચુકી છું, તમોજ મારૂં સર્વસ્વ છો, તમો સુન્દર યુવક હોવા છતાં એક પ્રેમભૂખી નિર્દોષ યુવતિનું હૃદય ન સમજી શકો એ કેવી નવાઇની વાત છે? વધારે ન સતાવતાં સત્વર જવાબ આપો અને આ કોશ્યા આ હૃદયની સદાના અતિથિ થવાની હકારનીજ માત્ર રાહ જોઈ રહી છે.

મુખ જોવા માત્રથી તમારી શુભ ભાવના સ્પષ્ટ સમજી શકાય છે, ને હું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમારા કથનથી વિરૂદ્ધ જવાને ઇચ્છતો પણ નથી. તેના પ્રત્યક્ષ પુરાવામાં તમને જોતાં મારૂં મન આકર્ષાય છે, એટલું બસ છે, તો કોણ આ યુવાવસ્થાની અનુકૂળ સામગ્રીનો લાભ ન લઇ શકે. પણ............

આટલું બોલી મંત્રીપુત્ર ગમગીન થઇ એકદમ વિચારમાં પડી ગયો.

“ પ્રિયતમ ! આપ એકદમ બોલતા કેમ અટકી ગયા ? કોશ્યાને કબુલત આપવામાં મંત્રીપુત્રને શો અંદેશો રહે છે ? આપના સહવાસનું સુખ ભોગવનાર કોઇ સુંદર રમણી રત્ને આપનું મન પ્રથમથી ખરીદી લીધું છે કે શું ? કે પંચાવન મણનો પથ્થર છાતી ઉપર મુકી મારી આશાના અંકુરાને છેદી નાખો છો, આ શબ્દો કહેતાં કોશ્યાએ એક હૃદયવેધક નિઃશ્વાસ મૂકયો.

તારા જેવી ગૃહલક્ષ્મી ચાંદલો કરવા આવવા છતાં કયો નિર્ભાગ્યશેખર મોઢું ધોવા ચાલ્યો જાય; પરંતુ........યુવકને ઉત્તર આપવામાં ગુચવણી થવાથી વળી મૌન પકડયું.

હૃદયેશ ! તો પછી મને કાં સંતાપો છો ? ખરેખર મારૂં કેવું દુર્ભાગ્ય કે તમારી જેવા ઉત્તમ પુરૂષને પામીને પણ હુંતો હતાશજ બની રહું,—આપને મારી માગણી કબુલવામાં શી હરકત છે તે તુરત જણાવો, કે આ હતભાગિની અબળા પછી ( પોતાનો નિર્બળ રસ્તો—સબળ રસ્તો શોધે અંતીમ માર્ગ લ્યે ) સબળને શરણ જવા તૈયારી કરે. યુવતિએ આવેશમાં આવી પ્રેમ અને યમની મધ્યમાં ઝંપલાવ્યું—દિગ્દર્શન કરાવ્યું.

કોશ્યા ! ખરેખર તું રમણી રત્ન છે, તું અધીરી શામાટે થાય છે, તું કહે છે તે વાત હું કબુલ કરૂં છું. માત્ર મારા પિતાજીને તથા માતાજીને જણાવવું જોઇએ. યુવકના આ શબ્દો કોશ્યાની પ્રેમયાચના માટે બસ હતા.

કોશ્યા એકદમ હર્ષિત થઇ બોલી કે અહો એમાં તે શું વિચારવાનું છે ? તે જોખમ મારે માથે લઉં છું.

વ્હાલા ! હવે તો આપણો દામ્પત્ય પ્રેમ—સ્નેહ અહોનિશ વૃદ્ધિ પામો એજ ઇચ્છું છું, વેશ્યાએ આ શબ્દોના તાનમાં મંત્રીપુત્રના હાથને મીઠું ચુંબન કર્યું.

## પ્રકરણ ૩ જું.

### કૃપાપાત્ર.

સ્વામીનાથ ! આજે શું વિચારમાં છો ? લાછલદેવીએ દાંતની કળી દેખાડતાં પૂછયું.

વ્હાલી ! વડીલ પુત્ર સ્થૂલીભદ્ર ઘણા કાળથી પોતાના ઘરનો ત્યાગ કરી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોશ્યાવેશ્યાને ત્યાં વાસ કરી રહ્યા છે, પણ હવે તે ઘેર આવે તો ઠીક ? મંત્રીએ માથુ ખંજવળાતાં ઉત્તર આપ્યો.

લાછલદેવી બોલી કે મંત્રીરાજ ! એવો તે શું વિચાર કરતા હશો ? જો સ્થૂલીભદ્રને અહિં આવવું હોત તો વસન્ત રૂતુની ક્રીડામાંથીજ ઘેર આવત, વળી તેને વચમાં રોકી રાખનાર કોશ્યાવેશ્યા કેટલી ચતુર હશે, અને તે કુમારને ઘેર પણ કેમ આવવા દેશે.?

મને પણ એજ વિચારો થાય છે, મંત્રીએ જણાવ્યું.

પણ તમો ધારશો તો હરકોઈ પ્રયત્ને સ્થૂલીભદ્રને ઘેર લાવી શકશો. એવી બીનાનો તોડ લાવવાને મંત્રીબુદ્ધિને કયાં સમુદ્ર ખોળવો છે ? લાછલદેવે વાર્તાનું મુખ ફેરવ્યું અને મોહકતાથી શકડાલ મંત્રીને ઉદ્દેશી બોલી કે, વ્હાલા તમે મારા કેસનો ચુકાદો તો ન કર્યો. તમો દરેકને ન્યાય આપવાને માટે અમુક તિથિ મુકરર કરો છો. પણ મારા કેસની કેટલી મુદત નાખી છે ?

મંત્રી સંભ્રમથી બોલ્યો–વ્હાલી તારે શું કામ છે ? જલદી કહી દે મારે તારૂં શું કામ કરવાનું છે ?

પ્રસંગની કિંમત આંકી લાછલદેવે જે કહેવાનું હોય તે ટુંકમાંજ કહી દેવાનું યોગ્ય ધાર્યું ને ત્વરાથી બોલી કે—

મહારાજા નંદરાજાની સભામાં આપના કહેવા પ્રમાણે સર્વ રાજ્યના કાર્ય થાય છે, આપની સમ્મતિ પ્રમાણેજ આગંતુક પંડિત વિગેરેને વિદ્યાદાન–ઇનામ અપાય છે તો પંડિત વરૂચી જે આપણી જાતિનો છે, જે પોતાની શક્તિથી નિરંતર નવનવા એકસોને આઠ શ્લોકો બનાવી નંદરાજાની સ્તુતિ કરે છે, છતાં તેને કેમ ઇનામ નથી અપાવતાં તે હમેશાં અહિં મારી પાસે આવે છે. અને આપને વિનવવાનું કહે છે, આ વૃતાંત આપને મેં એકવાર કહેલ છે, જેના ઉત્તરમાં આપ કહો છો કે તે હિંસાધર્મી છે તેથી તેને ઇનામ અપાવવાને ઉત્સાહ થતો નથી તો આગ્રહપૂર્વક જણાવીશ કે રાજા જે ઇનામ આપે છે તેમાં તે પાત્રાપાત્રની શોધ કરતો નથી પણ તેની કાવ્ય ચમત્કૃતિને ખીલવવા અથવા તેની મહેનતને સફલ બનાવવા વિદ્યાદાન આપે છે. તો રાજા વરૂચીને દાન આપે એવી સમ્મતિ આપવી; મારૂં આ વચન માન્ય રાખશો એવી મારી વિનવણી છે.

શકડાલ મંત્રીને આ વિષયમાં ઓછું લક્ષ હતું પણ પોતાની પત્નીના કથનને વશ બની તેણે લાછલદેવીની વાત કબુલ કરી.

બીજે દિવસે નંદરાજાની સભા મનુષ્યોથી પરિપૂર્ણ હતી. રાજ્ય ધુરંધર પુરૂષો પોતપોતાના આસનપર શાંતિનો અનુભવ કરી રહ્યા હતા, ટુંક મુદતમાં પંડિત વરૂચીએ આવી રાજસભામાં પ્રવેશ કર્યો, રાજાને, અમાત્યવર્ગને, તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રજાવર્ગને નમન કરી નવાં એકસોને આઠ શ્લોકો બનાવી નંદરાજાની સ્તુતિ કરી. એટલે રાજાએ મંત્રી ઉપર અર્થસૂચક દૃષ્ટી નાખી, અને શકડાલ મંત્રીએ પણ વરરૂચીની સમયોચિત પ્રશંસા કરી, જેથી રાજાએ વરરૂચીને એકસોને આઠ સુવર્ણ મુદ્રિકાની હર્ષસહિત ભેટ આપી. આજથી આરંભીને પંડિત વરરૂચીને નંદરાજાની સ્તુતિથી એકસો આઠ સોનામહોરોની પ્રાપ્તિ નિરંતર થવા લાગી.

એક દિવસે મંત્રીએ રાજાને પૂછયું કે મહારાજાધિરાજ ! આપ પંડિત વરરૂચીને આટલું બધું દાન કેમ આપો છો ?

રાજા બોલ્યો કે મંત્રી ! તમો પંડિતની પ્રશંસા કરો છો તેથીજ હું તેને એટલું બધું દાન આપું છું.

મંત્રી નાક સંકોચી બોલ્યો રાજન્ ? હું તો માત્ર આપના ગુણગર્ભિત સ્તુતિમાં રહેલ ચમત્કૃતિની પ્રશંસા કરૂ છું. કારણ કે અલૌકિક ચમત્કૃતિ પંડિતોના મનને આકર્ષે છે.

આથી એમ સમજાય છે કે પંડિતજીના કાવ્યો સુંદર છે પણ તેના કરતાં વરરૂચીજી નથી. રાજાએ પોતેજ મંત્રીના રહસ્યને સ્પષ્ટ કર્યું, મારી તો એ માન્યતા............ આ પ્રમાણે અધુરૂં સમ્મતિ વાકય બોલી મંત્રી મૌન રહ્યો.

રાજાએ અધીરાઇથી જિજ્ઞાસા કરી કે–પણ એમ માનવામાં અબાધિત પ્રમાણ શું છે ?

એની ખાત્રી કાલે થઇ રહેશે. મંત્રીએ ટુંકો જવાબ વાળ્યો. ગામમાં દરેક લોકોને ખબર થઇ હતી કે આજે રાજસભામાં કાંઇ નવો ઢંગ દેખાવાનો છે, તેથી નગરના મનુષ્યો ખાસ રમત જોવાના ઉદ્દેશથીજ બહુ આવ્યા હતા, રાજસભામાં એક તરફ કનાત તાણીને પડદો બાંધેલ હતો ને તેમાં શકડાલ મંત્રીની સાત પુત્રીઓને બેસાડવામાં આવી હતી. આ સાતે બ્હેનો બહુ બુદ્ધિશાલી હતી અને પવિત્રાચારમાં આદર્શ સ્ત્રીઓની પ્રથમ પંકિતએ મનાતી હતી. તેમજ એક વિશેષ આશ્ચર્યજનક ઘટના એ હતી કે તે સાત પૈકીની **યક્ષા** નામની મંત્રીપુત્રીને હરકોઇ વસ્તુ એક વાર સાંભળવામાં આવતી કે તુરત યાદ રહી જતી હતી, અને ત્યારપછીની છ બ્હેનોમાં અનુક્રમે એવોજ બુદ્ધિવૈભવ હતો કે જેઓને અનુક્રમે બે, ત્રણ, ચાર, પાંચ, છ, અને સાતવાર તે સાંભળતાં યાદ રહી જતી હતી. શકડાલ મંત્રીએ પોતાની તરફેણમાં આ બુદ્ધિનો લાભ લેવા માટે આ સાતે કન્યાઓને પડદામાં બેસાડેલ હતી.

થોડોક ટાઇમ વ્યતીત થયા પછી વરરૂચી સભાગૃહમાં આવી, રાજાને નમી, તેની ૧૦૮ શ્લોકોવડે સ્તુતિ કરી અને રાજા સામે ઉભો રહ્યો. રાજાએ પણ મંત્રીના તરફ દૃષ્ટિ ફેરવી, એટલે મંત્રીના કહેવાથી મંત્રીની સાતે પુત્રીઓયે વરરૂચી બોલ્યો હતો તેજ પોતાની સ્મરણ શકિતથી યાદ રાખેલા ૧૦૮ શ્લોકો રાજાને કહી સંભળાવ્યા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાજા ચમત્કાર પામી બોલી ઉઠયો કે અહો મંત્રીની સાતે પુત્રીઓ સરસ્વતી તુલ્ય છે, અને વરરૂચીપર ગુસ્સે થઇ તેને દાન આપવાનું બંધ કર્યું.

આજથીજ મંત્રી અને વરરૂચીના દ્વેષનું બીજ રોપાયું, અહો સ્વાર્થી જીવો પોતાની સુખશય્યામાં આવીજ રીતે કાંટા પાથરે છે. ( ચાલુ )

## પ્રશ્નોત્તર.

### જગદ્ વિખ્યાત જૈનાચાર્ય શ્રી શ્રી શ્રી ૧૦૮ શ્રીમદ્ વિજયવલ્લભ સૂરીશ્વરજી મહારાજને પૂછાયેલા પ્રશ્નો અને તેના તેઓ સાહેબ તરફથી મળેલા ખુલાસા.

( ગયા અંકના પૃષ્ટ ૮૧ થી શરૂ )

**પ્રશ્ન**—જેમ મનુષ્યોને જન્મ-મરણ છે તેમ દેવતાને ખરૂં કે નહીં ? નહીંતો તેઓ કેવી રીતે ઉપજતા હશે અને મરણ કેવી રીતે થતું હશે ?

**જવાબ**—જન્મ-મરણ તો દરેકે દરેક સંસારીક જીવોને હોય પણ તે સર્વની એક સરખીજ રીત ન હોય. જે જે જાતિના જીવોની જન્મ-મરણની રીતિ જ્ઞાની મહારાજે જ્ઞાનમાં જેવી જોઇ તેવી વર્ણન કરી. આપણને તેનો અનુભવ થવો સંભવે નહીં. કારણકે આપણા શરીરની સ્થિતિ ઓદારિક-જુદા પ્રકારની, અને દેવતાના શરીરની સ્થિતિ વૈક્રિય—જુદા પ્રકારની. માટે જ્ઞાની મહારાજ ફરમાવે તે સત્ય માનવું યોગ્ય છે. દેવતા શય્યામાં ઉત્પન્ન થાય છે અને મરે છે ત્યારે તેમના શરીરના પરમાણુઓ કપૂરની માફક ઉડી જાય છે.

**પ્રશ્ન**—દેવોને માતા પિતા પુત્ર આદિ કુટુંબ ખરૂં કે નહીં ? વળી દેવ અને દેવીનો સંબંધ (લગ્ન) મનુષ્યની પેઠે ખરો કે નહીં ?

**જવાબ**—માતા પિતા પુત્રાદિક દેવતાઓને કાંઇ પણ હોતું નથી—લગ્નાદિ વ્યવહાર પણ ત્યાં નથી. ત્યાંની અનાદિની રીતિ જે છે તેજ કાયમ રહે છે.

**પ્રશ્ન**—કોઇ દેવીનો દેવ (સ્વામિ) તે દેવીના પહેલાં મૃત્યુ પામે તો પછી રહેલી દેવી તેમજ દેવ બીજા દેવ દેવી સાથે સંબંધ જોડતા હશે કે કેમ ?

**જવાબ**—જે દેવીનો સ્વામિ ( દેવ ) કાળ કરી જાય તેનાજ સ્થાનમાં જે બીજો દેવ પેદા થાય તેજ દેવતા રહેલી દેવીનો સ્વામિ—દેવ જાણવો તેજ પ્રમાણે દેવી મરી જાય અને તેના સ્થાનમાં જે નવી દેવી ઉત્પન્ન થાય તે રહેલા દેવની દેવી જાણવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**પ્રશ્ન**—દેવતાઓ મનુષ્યની માફક આહાર નિહાર કરતા હશે ?

**જવાબ**—દેવતા મનુષ્યની પેઠે કવલાહાર કરતા નથી એટલે તેમને નિહારની પણ જરૂરત ન રહી. તેઓને અમુક સમય પછી આહાર લેવાની ઇચ્છા થાય ત્યારે દેવશકિતથી શુભ પુદ્ગલો આહારપણે પરણમાવી લે.

**પ્રશ્ન**—દેવતાઓ વ્રત પચ્ચકખાણ કરતા હશે કે નહીં ?

**જવાબ**—ચોથા અવિરતિસમ્યગ્ દૃષ્ટિ ગુણસ્થાન સિવાય ઉપરનાં ગુણસ્થાન ત્યાં હોતાંજ નથી એટલે વ્રત પચ્ચખાણનો ઉદય ત્યાં નથી.

**પ્રશ્ન**—મોક્ષ એ પાંચમી ગતિ કહેવાય છે, પણ કોઇ કોઇ સ્થળે અષ્ટમી ગતિ વર્ણવેલ છે તે શી રીતે ?

**જવાબ**—નરક ગતિ, તિર્યંચગતિ, હલકી જાતિનાં નિંદિત મનુષ્યોની મનુષ્યગતિ, અને કિલ્બિષિક આદિ હલકી જાતિના દેવોની દેવગતિ, એ ચાર અશુભ ગતિ જાણવી. તથા ઉંચી જાતના દેવોની દેવગતિ, ઉંચા કુલના ( તિર્થંકર આદિ મહાપુરૂષોની અપેક્ષાએ ) મનુષ્યોની મનુષ્યગતિ, અને યુગલીયા આદિ સારા કુલમાં પેદા થયેલા મનુષ્યોની ગતિ, એ ત્રણ ભેદ શુભ ગતિના જાણવા તે પૂર્વોકત ચાર અશુભ ગતિ સાથે મેળવતાં સાત થઇ અને આઠમી સિદ્ધગતિ.

**પ્રશ્ન**—ભવિ અને અભવિ, તેમાં ભવિ જીવો મોક્ષ પામવાના સ્વભાવવાળા હોય છે અને અભવિ કદિ મોક્ષ જતા નથી. પરંતુ ભવિ જીવો કોને માનવા ?

**જવાબ**—જેના મનમાં એવી શંકા થાય કે મારો આત્મા ભવિ હશે કે અભવિ ? તેને નિશ્ચય ભવિજ જાણવો.

**પ્રશ્ન**—શારદા પૂજન અને જ્ઞાન પૂજનની રકમ પુસ્તકો મંગાવવામાં વાપરી શકાય છે ?

**જવાબ**—શારદા જ્ઞાનપૂજનના પૈસા પુસ્તક મંગાવવામાં ખરચી શકાય છે.

**પ્રશ્ન**—રોગાદિ કારણે સ્નાન ન થઇ શકે તો પ્રભુની તસ્બીર કે સિદ્ધચક્રજીના ગટ્ટાની અડીને વાસક્ષેપ પૂજા થઇ શકે ?

**જવાબ**—કારણે સર્વ સ્નાન ન થઇ શકે તો પંચાંગ (બે હાથ બે પગ અને મોઢું) શુદ્ધ કરી ઉંચેથી વાસક્ષેપ પધરાવી પૂજા કરી લેવી ઠીક છે. બનતાં સુધી ન અડાય તો સારૂં છે.

**પ્રશ્ન**—માણસના મૃત્યુ સમયે પાછળના માણસો તેને તપસ્યા વિગેરે કરવાનું કહે છે તેનો સંપૂર્ણ લાભ મરનારને મળી શકે ?

**જવાબ**—એ એક રૂઢી પડેલી જણાય છે. બાકી કર્મની નિર્જરા તો તપસ્યા કરના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રનીજ થાય છે. હા, તપસ્યા કરનારની અનુમોદના કરવાથી બીજાને પણ ફળ મળે છે પણ તે તપસ્યાનું નહીં; કિંતુ અનુમોદનાનું. તેવીજ રીતે કોઇએ કોઇની પુંઠે કહ્યું કે હું અમુક તપસ્યા કરીશ તે સાંભળી સાંભળનાર ધણી જો ખુશી માનીલે અને અનુમોદના કરી લે તો પોતાની ભાવનાના પ્રમાણમાં પોતાને ફળ મળી ગયું જાણવું, પણ તપસ્યાનું ફળ તો શુદ્ધ મનથી તપસ્યા કરનારનેજ મળે.

**પ્રશ્ન**—કોઇ માસક્ષમણઆદિ તપસ્યાવાળો પોતાની તપસ્યાનું ફળ સામા માણસને અમુક રકમ લેઈ વેચાતી આપે યા બક્ષિસ આપે તો તેનો પૂર્ણ યા અલ્પ પણ લાભ લેનાર માણસને મળી શકે ?

**જવાબ**—તપસ્યા વેચાતી નથી તેમ વેચાતી લેવાતી પણ નથી. પરંતુ એથી તપસ્યા વેચનાર માણસ પોતાની તપસ્યાનું ફળ ( જે કર્મોની નિર્જરા ) તેને હારી જાય છે. વળી લેનાર માણસના હાથમાં પણ તપસ્યાનું જે ફળ કહીયે તે આવતું નથી. પણ લેનાર માણસ જો તેની અનુમોદના કરી લે તો અનુમોદનાનું ફળ ભાવનાના પ્રમાણમાં મેળવી શકે.

**પ્રશ્ન**—કોઇની પુંઠે સાધારણ ખાતે યા શુભ ખાતે કોઈ રકમ વાપરવા કહેલી હોય તે ધર્મ સંબંધી સર્વ કાર્યમાં વાપરી શકાય ?

**જવાબ**—આજ કાલની રૂઢી મુજબ વાંધો જણાતો નથી. કારણ કે ઘણા જીવો ભોલપણથી શુભ યા સાધારણ ખાતું દરેક ધર્મકાર્યોના માટે સમજી બોલી દે છે. માટે ધર્મ સંબંધી સર્વ કાર્યોમાં વાપરવામાં વાંધો જણાતો નથી.

**પ્રશ્ન**—કોઇ વૈરાગ્યવાળાં ભજનો યા પદો સજ્ઝાયના સ્થળે બોલી શકાય કે ?

**જવાબ**—હા, તેમાં હરકત નથી.

**પ્રશ્ન**—ગુરૂ મહારાજના વિયોગે શ્રાવક શ્રાવિકા સામાયિક આદિ ક્રિયામાં જે સ્થાપના કરે છે તેમાં પુસ્તક અને નવકારવાળી બન્ને જોઇએ કે એકલું પુસ્તક યા નવકારવાળી ચાલી શકે ?

**જવાબ**—બન્નેમાંથી એક હોય તો પણ ચાલે અને બન્ને હોય તો વધારે સારૂં.

**પ્રશ્ન**—સામાયિક આદિ ક્રિયા કરતાં પુરૂષને સ્ત્રી અને સ્ત્રીને પુરૂષ અડી જાય તો ક્રિયા કરનાર અને અડકનાર બન્નેને દોષ લાગે કે કોને ?

**જવાબ**—જે ક્રિયા કરનાર હોય તેને પ્રાયશ્ચિત્ત આવે. હા, જો ક્રિયા કરનારને બીજો જાણી જોઇ સંઘટ્ટો કરે તો તેને જરૂર વધારે પ્રાયશ્ચિત આવે.

**પ્રશ્ન**— સલીયોવાળી અગરબત્તી જૈનોનાં દેરાસર આદિમાં વપરાતી નથી તેનું શું કારણ ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**જવાબ**—સુગંધવાળી હોય અને તેમાં અશુદ્ધ કોઇ ચીજ પડતી ન હોય તો વાપરવામાં વાંધો નથી. વિશેષ ખુલાસો બનાવનાર પાસે કરી લેવો ઠીક છે.

**પ્રશ્ન**—પુરૂષાદાની પાર્શ્વજીનેશ્વર તેમાં પુરિષાદાની એટલે શું ?

**જવાબ**—પુરૂષોમાં આદાનિય એટલે ગ્રાહ્ય-ગ્રહણ કરવા યોગ્ય કહેતાં જેનું વચન કોઇ લોપી શકે નહીં તે.

**પ્રશ્ન**—શરણાગત કહેતાં શું ?

**જવાબ**—શરણે આવેલો.

**પ્રશ્ન**—શિરતાજ એટલે શું ?

**જવાબ**—મસ્તક મુગટ.

**પ્રશ્ન**—ગરિબ નિવાજ એટલે શું ?

**જવાબ**—ગરીબોની સંભાળ લેનાર.

**પ્રશ્ન**—ઘરમાં સુવાવડ હોય ત્યારે પ્રભુની તસ્બીરો પુસ્તક વિગેરે ઘરમાં હોય તે સુવાવડવાળા ખંડથી બીજા ખંડમાં અગર મેડી ઉપર એકાંતે મૂકી દેવામાં આવે તો હરકત છે ?

**જવાબ**—પ્રસૂતિવાળો ખંડ છોડી બીજા ખંડમાં અગર મેડી ઉપર રાખવામાં વાંધો જણાતો નથી. ઘરની વસ્તુ ઘરમાંજ ગૃહસ્થ રાખી શકે. ઘર છોડી કયાં મૂકી આવે ? પણ જેમ બને તેમ વિવેકથી કામ કરવાની જરૂર છે.

પૂર્વોકત પ્રશ્નો ઘણા સાદા અને સામાન્ય માલુમ પડશે, પણ મધ્યમ દૃષ્ટિ જીવોને અવશ્ય ઉપયોગી થઇ પડશે એમ જાણી પ્રસિદ્ધિમાં મૂકયા છે.

**શાહ ઝ૦ છગનલાલ**—સુરવાડા.

# સહિષ્ણુતા.

**ગુલાબચંદ મૂળચંદ બાવિશી,—આફ્રિકાવાળા.**

સહિષ્ણુ થવું એટલે સહેવું-ધૈર્ય ધરવું. ઉદાર થવું. ખામોશી રાખવી. જતું કરવું. ખંડનાત્મક ભાવનાઓ અને વર્તનથી અળગા રહેવું. એ બધુંય કરવું એટલે સહિષ્ણુતા ધારણ કરવી.

સહિષ્ણુ થવું એટલે મન, વાણી અને વર્તન ઉપર સંયમ રાખતા શીખવું. સમયને પિછાણી, ન્યાયશીલ થવું: કદિ કોઇનું દિલ ન દુભવવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહિષ્ણુ થવું એટલે કોઇનું હૃદય ન દુઃભવવું. કોઇને કટુ વેણ ન કહેવું. બીજાની માર્ફત તેવા સંદેશા ન પહોંચાડવા. આ પ્રસંગ નોકર અને શેઠને બન્નેને આવે તેમાંયે શેઠ જે હોય તેણે તો બહુજ સંયમ રાખવો જોઈએ. સામા પક્ષ તરફથી કૈંક આઘાત થાય, કૈક ન ગમવાનું ઉપસ્થિત થાય, ન ઇચ્છવાનું બને, ત્યારે પોતે અસહિષ્ણુતા ધારણ કરે છે, અને પોતાનો પિત્તો ગુમાવી બેસે છે. આમ થવામાં પ્રથમ સ્થાન ક્રોધ–તામસને મળે છે અને પરિણામે ચંડકોશિક સર્પ જેવી સ્થિતિ થાય છે.

જે માણસમાં ક્રોધ ભર્યો છે તેની સાથે વાત કરવાનોયે ધર્મ નથી, તેનો સહકાર પણ માઠું પરિણામ લઈ આવે છે. તેનાથી થતા ક્ષણિક લાભ પણ નુકસાન કરે છે. અને તે બધુંય સહિષ્ણુતા ન જાળવવાથી બને છે. માટે દરેક બન્ધુએ અને બ્હેને સહિષ્ણુ થવા જરૂર કોશિષ કરવી.

એક માણસ ભણેલો, કેળવાએલો અને પૈસાદાર હોય માટે તે સહિષ્ણુ છે એમ માની નજ લેવું જોઇએ. કેવળ અભણ માણસ પણ સહિષ્ણુ હોઇ શકે છે,ત્યારે ભણેલ માણસે સહિષ્ણુ થવું તેતો ઇચ્છવા જેવુંજ છે, માટે સહિષ્ણુતાનો સદ્‌ગુણ દરેક જૈન બંધુએ અવશ્ય ધારણ કરવો રહ્યો. બુરૂં ઇચ્છનાર, અને બુરૂં કરનાર તરફ આપણે પ્રેમ ભાવ રાખીયે તો જરૂર તે આપણા તરફ તેવોજ પ્રેમભાવ રાખવાનો. એ બધું છતાં તે તેવોજ કઠોર હૃદયનો માલુમ પડે તો તેના તરફ દયા ખાવી. પછી ભલે તે ગરીબ હોય કે પૈસાદાર હોય.

આપણા ઉત્તમોત્તમ જૈન ધર્મમાં પણ કોઇનું બુરૂં કરી, કોઇનું માઠું ઇચ્છી, ક્રોધ કરી, કોઇને મળતી મદદ અટકાવી, કોઇને હલકો પાડી. કોઇનું વાંકુ બોલવાનું અને હૃદય દુભવવાનું કહ્યું નથી. તેમજ આપણા પૂજ્ય મુનિરાજ સાહેબો પણ આપણને તેવોજ બોધ આપે છે તો આપણે સૌએ ભૂત કાળના ભેદને–દુઃખને–કટુ વેણને વિસરી જઈ, સહિષ્ણુ અને સંયમી બની આપણું જૈન જીવન જરૂર સુધારવું રહ્યું.

## જૈન સખાવત.

જૈન કોમ દરવરસે અનેક જાતના ફંડોમાં હજારો રૂપીઆ સખાવતના આકારમાં અર્પણ કરે છે છતાં પણ જ્યાં ત્યાં આપણને કોમની ગરિબાઇ, હાડમારી અને જીવન નિર્વાહના સાધનોના અભાવે દુઃખી થતા જ્ઞાતિબંધુઓની હાજતો ભોગવતા જ્ઞાતિબંધુઓ નજરે પડે છે તે તરફ લક્ષ આપવા સારૂ કોમની બાંહેધરી નીચે સાર્વજનિક હિતના કોમના પ્રશ્નનો ઉકેલ કરવાનો દાવો કરનારા તરફથી કાંઇ પણ ઉપાયો યોજવાનું, આજ વર્ષો થયાં, બની શકતું નથી. આપણી સખાવતોનું પ્રમાણ એવી અંધાધુંધીથી ચલાવવામાં આવે છે કે તેમાં દાક્ષિણ્યતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અથવા લાગવગ સિવાય; જે હેતુથી સખાવત કરવામાં આવે છે તેનો સદુપયોગનો તથા હિતનો ભાગ્યે જ થોડાકજ વિચાર કરતા હશે. અમુક પક્ષ અથવા તો અમુક સંસ્થાઓ ફંડોને મોટા કરવા સારૂ કોમની દીલસોજી હમેશાં ખેંચતા જ રહે છે. આવી ખેંચતાણથી નાણાની મોટી રકમો વેરાઇ જાય છે અને સૌ નાની નાની રકમો લઇ જાય છે, પણ એક ખરા હાજત ભરેલા કાર્ય માટે જોઇતું નાણું ખર્ચવામાં આવતું નથી તે ખરેખર કોમની કમનસીબી છે. આજકાલ કીર્તિના લોભે જેટલી સખાવત થાય છે તેટલે દરજ્જે કાર્યની આવશ્યકતાની તરફ નજર કરનારો ભાગ્યેજ જુજ ભાગ હોય છે; દિન–પ્રતિદિન કોમની અનેક હાજતો વધતી જાય છે; અનેક સંસ્થાઓ કોમ તરફજ હાથ લંબાવે છે અને ફંડો માટે લીસ્ટો અને અપીલો દરવરસે સંખ્યાબંધ બહાર પડે છે; છતાં તેના પરિણામ તરફ કોમની નજર ખેંચવામાં આવે તો જે જે સખાવતો કીર્તિના લોભે કમાર્ગે ઘસડાઇ જાય છે તે નિયમ તદ્દન વખોડી કાઢવા યોગ્ય છે. કાંઇ પણ નિયમ વગર, ગમેતેમ પુરતો વિચાર કર્યા વગર પૈસો આપવામાં આવે અને તે પુન્ય કર્યું છે એમ મનને મનાવવાની ખાતર ભલે દેખાવમાં આવે પરંતુ તે એક ભૂલ છે; આવી રીતભાતથી તો કોમના ખરેખરા હાજતમંદોને તેનો લાભ મળી શકતો નથી; એ અનુભવ અને અભ્યાસ વિના સમજી શકાય તેમ નથી; તેટલાજ માટે સખાવત કરનારે, પુરતો વિચાર અને અનુભવ; કોમનું આજકાલનું બંધારણ, અગાઉની સ્થિતિ, ભૂતકાળની સખાવતોથી મળેલો અનુભવ; વર્તમાનકાળમાં ઉભા થતા જરૂરી કાર્યો તરફ નજર રાખવાની જરૂરીઆત; હરીફાઇની કોમોના આગળ વધવા ઉપર વિચાર કરવાની તક; વેપાર વણજનું ભવિષ્ય; કોમની ગરીબાઇ; બીમારીપણું; સુખશાંતીપણું; હાડમારી, શરીરના દુઃખો, ચાલુ બીમારી; ખોરાકીની ચીજોની મોંઘવારી; દવાના ખર્ચ; રહેવાના મકાનોનો શહેરી જીવનમાં–દુકાળ વગેરે વગેરે આખા કોમી બંધારણ ઉપર વિચાર કરવો જોઇએ છે; અને પોતાની અક્કલ હુશીઆરીથી સુમાર્ગે જાતી અનુભવેજ પોતાનો પૈસો ગમે ત્યાં ખર્ચાય તેજ વ્યાજબી છે; આ દુનીઆમાં આગળ વધવા સારૂ અને પોતાની મહત્વતા જાહેર સન્મુખ રજુ કરવા સારૂ વ્યવહારિક રીતે પ્રથમ સારા કાર્યો કરવાની પ્રથમ જરૂર છે એ સિદ્ધાંત સર્વમાન્ય છે તેટલાજ સારૂ વ્યવહારિક કાર્યની જરૂર છે. આવા લોકોપયોગી અથવા તો કોમોપયોગી કાર્યોથી એક બીજા સાથે નજીકના સંબંધમાં અવાય છે અને તેને લીધે કોમોપયોગી કાર્યો સહેલાઇથી પાર પાડી શકાય છે; પરંતુ આટલું છતાં પણ સેવાના કાર્યો કરી જશ મેળવવાનો માર્ગ દરેકના નસીબમાં હોતો નથી યાતો મળતો નથી; કારણકે કોમોપયોગી કાર્યો કરવા સારૂ પ્રથમ તો વ્યવહારીક જ્ઞાન હોવાની ખાસ જરૂર છે; આજકાલ તો હરકોઇ જે કાંઇ કાર્ય કરે છે તેના મનમાં એક એવીજ જાતનો ખ્યાલ બેસી જાય છે કે હું કરૂં છું તેજ સત્ય છે અને સખાવત કરનારા પણ એમ સમજે છે કે મારા પૈસા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુજ સારે માર્ગે ખર્ચ્યા છે. આવી આવી તેઓની માન્યતા ભૂલ ખવરાવનારી તેમજ નુકશાનકર્તા નીવડે છે; દરેક મનુષ્ય અમુક બાબતમાં કાંઇ સંપૂર્ણ જ્ઞાન કુદરતી રીતે ધરાવી શકતો નથી તેમજ અમુક પ્રકારના અભ્યાસ વગર વગર વિચારે કરેલું કાર્ય ઉલટું નાશીપાસી ઉપજાવનારૂંજ થાય છે; કોમની સખાવતનો ઝરો એકજ દિશાએ વહ્યા કરે છે પણ કોમમાં હુન્નર ઉદ્યોગની કેળવણીના પ્રચારાર્થે કાંઇ પણ ઉપાય થયો નથી. જૈન કોમમાં એવા હાજતમંદો હશે કે જેઓને પેટપુરતું ખાવાનું પણ ભાગ્યેજ મળતું હશે અને કેટલાકને તો ફકત દુઃખમાં દીલાસો લઇ ચલાવી લેવું પડતું હશે; કોમની અંદર અનેક યુવાનો ઉદ્યોગી જીવન ગુજારવાને તલપી રહ્યા હશે પણ સાધનના અભાવે પાછા હઠે છે; અનેક જીવો કંગાલીયતમાં રઝળીને, કમનસીબે, આ ફાની દુનીઆને નમસ્કાર કરી છુટા પડે છે તોપણ કોમના હિતના પ્રશ્નને માટે જાહેરની સન્મુખ પ્લેટફોર્મ ઉપરથી મોટા મોટા વાકચાતુર્ય ભરેલા શબ્દોથી ભાષણો કરી કોમનું હિત આ રીતે અને પેલી રીતે થઇ શકશે એવું તે આવનારાની આળસાઇ અને બેદરકારીથી કોમને નીચે પડતી અટકાવવાની ફરજ તેઓ જોઇ શકતા નથી તે ઓછું દીલગીરી ભરેલું નથી; ઘણાકો ધારે છે કે કોમના હિતને માટે કોમના પૈસાના ફંડથી કોમનું હિત થઇ શકશે એમ વિચારી જાહેર સન્મુખ પોતાના નામને પ્રસિદ્ધિમાં લાવવા સારૂ સારી સારી રકમો એકઠી કરવામાં આવતા છતાં પણ તેવું કોમનું ઉજવળ ભવિષ્ય દેખાતું નથી. એક વખત એવો હતો કે જે વખતે કોમ પોતાના ઝળકતા ભવિષ્ય માટે મગરૂર હતી; આજે તે કોમ આળસાઇ અને બેદરકારીને લીધે વેપાર વણજમાં પણ બીજી કોમોની પાછળ પડતી જાય છે; મોટા મોટા વેપારમાં હાલ જૈનો નહિજ જેવા જુજ છે અને તેથી કોમની આબાદી અને દ્રવ્ય મેળવવાના સાધનો ખુલ્લી રીતે દૂર થતા જાય છે; ગરીબાઇનો ડંખ જૈન કોમને લાગે છે તેના ખરા કારણોમાં મુખ્ય તો જેવું જોઇએ તેવું કોમી અભિમાન કે જે ભાગ્યેજ દૃષ્ટિગોચર થાય છે. બીજી કોમો જાતમહેનત અને ખંતથી પોતાની કોમમાં પૈસો ખેંચી જાય છે; પરંતુ જૈનો અંદરથી મગરૂર રહી પોતાના વડવાઓની કીર્તિ પકડી બેસી રહેવાથી, તેમજ પુરતી કેળવણી પણ લીધેલ ન હોવાથી આજે કામ નથી ધંધો ચાલતો નથી અથવા તો થતો નથી; તબીયત ઠીક નથી રહી શકતી વગેરે વગેરે બાબતો આગળ કરવામાં આવે છે તેનું કારણ શું છે ? અગાઉના વખતમાં આવી જાતના રોદણા નહોતા; અગાઉ એવા માણસો સૌ સૌ પોતપોતાની ફરજ સારી રીતે સમજતા અને અણીના વખતે એક બીજાને મદદ કરતા થઇ પડતા; અત્યારે તો જીવનનિર્વાહ પણ મોજશોખવાળો થઇ ગએલ છે અને ખોટા ખર્ચો પણ પુષ્કળ વધતા જાય છે તે સૌ જાતિ અનુભવથી સમજી શકે તેમ છે. હાલના વખતમાં કેળવણીના ક્ષેત્રમાં દિન પ્રતિદિન જૈન કોમ આગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વધતી જાય છે પણ કયાં નામાંકિત પુરૂષો પહેલ કરી શકયા છે ? વિદ્યા કળા અને હુન્નર ઉદ્યોગમાં પ્રસિદ્ધ થએલ આપણી કોમમાં કેટલા છે ? આજે જૈન કોમની દરેક વ્યકિત જો ખુલ્લી આંખોથી જુએ, કાનથી સાંભળે અને કોમી મદદ અને તેનો પ્રકાર કેવો હોવો જોઇએ તે ઉપર ભવિષ્યના ખરા કર્તવ્યના લાભોનો વિચાર કરે અને પોતાના જ્ઞાન અનુભવ અને દ્રવ્યનો સદુપયોગ કરે તો તે કાર્ય હમેશાં વિશ્વાસ ને જશને પાત્ર નીવડે છે. તેટલાજ માટે જે જે જાહેરના કાર્યો થાય તે કોમાભિમાનની નજરે થવા જોઇએ; આજકાલ સખાવતો થાય છે તેમાં ઘણે ભાગે કોમનો પૈસો બરબાદ થાય છે અને તે સખાવત કરનારના બીન અનુભવ અને લાંબી કુનેહ વગર ને બેદરકારીને આભારી છે અને તેને લીધે જ કોમની સ્થિતિ સુધરવાને બદલે દીવસે દીવસે કફોડી અને દયાહીન થતી જાય છે. આવી જાતની વિપતિનો અટકાવ કરનાર હજુ સુધી કોઇપણ સંસ્થા અથવા વ્યકિત જોવામાં આવતી નથી તે કોમની કમનસીબી છે; તેટલાજ માટે કોમને આબાદ કરવા અને લાચારીમાંથી દૂર કરવા સારૂ સખાવતની દિશા બદલવાની જરૂર છે જે કદાચ ચાલુ સમયમાં નહિ બને તો ભવિષ્યમાં ધીમે ધીમે બદલાશે ત્યારે તેના રૂડાં ફળ જોઇ શકાશે. "જૈન"

# ૧ પ્રકીર્ણ.

જૈન વિદ્યાર્થીઓના લાભાર્થે શ્રી જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ નામની સંસ્થા અમદાવાદમાં સ્થાપન થયેલ છે. તેના ઓનરરી ઓરગેનાઇઝર કેળવણીપ્રિય અને ઉત્તેજન આપનાર બંધુ **સારાભાઇ મગનભાઈ મોદી** છે. આ સંસ્થા મુંબઇ ઇલાકાના વિદ્યાર્થીઓને નાણાં ઉછીના આપશે. આ સંસ્થાનું ભંડોળ પાંચ લાખ રૂપૈયા કરવાનું રાખ્યું છે. અને પચીશ પચીશ રૂપયાનો એક શેર તેવા ૨૦૦૦૦ શેર કાઢયા છે. તેના પ્રોસ્પેકટસમાં જે પ્રકટ થયેલ છે તેમાં જણાવે છે કે રૂ. ૨૫૦૦) શેઠ અંબાલાલ સારાભાઇએ આ સંસ્થાને ભેટ આપ્યા છે, અને રૂ. ૪૫૦૦)ના શેરો ભરાઈ ગયા છે. અમે એમ માનીયે છીયે કે છુટી છુટી મદદ કરતાં આવી રીતે સહકારી લીમીટેડ મંડળોથી કેળવણીને સારૂં ઉત્તેજન મળી શકે અને રીતસર વિદ્યાર્થીઓ લાભ મેળવી શકે તે નિસંદેહ છે. લાગણીવાળા અને પ્રમાણિક કાર્યવાહકો અને કરકસરથી ખર્ચ ચલાવી આ સંસ્થા કાર્ય કરશે તો અવશ્ય જૈન વિદ્યાર્થીઓ સારો લાભ મેળવી શકશે. અમો આ મંડળને દરેક પ્રકારની સહાય આપવા ભલામણ કરીયે છીયે.

## જૈન સમાજને સૂચના.

"શ્રી પાલીતાણામાં ગૌરક્ષા પાંજરાપોળ" આ નામની સંસ્થા ચાલે છે તે જૈનોની નથી. તે શેઠ આણંદજી કલ્યાણજી તથા પાલીતાણા જૈન સંઘ સાથે કાંઇ નિસબત–

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંબંધ ધરાવતી નથી તેમ તેઓની કોઇ રીતે દેખરેખમાં કે વ્યવસ્થામાં નથી. કહેવામાં આવે છે કે અશક્ત ઢોરોને ત્યાં રાખવામાં આવતા નથી. શેઠ આણંદજી કલ્યાણજી તેના વહીવટ માટે કાંઇ પણ ખાત્રી આપતા નથી. શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થા–પાંજરાપોળ છાપરીયાળી છે તે જૈન સંસ્થા છે. જેથી શેઠ આણંદજી કલ્યાણજીના નામે આ સંસ્થા તરફથી કોઇ પૈસા લેવા આવે કે માંગે તો શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના કાર્યવાહકોની ખાત્રી લઇ આપવા. (મળેલું.)

# વર્તમાન સમાચાર.

## જયંતી.

શ્રીમદ્ ચારિત્રવિજયજી મહારાજ (કચ્છી) ની સ્વર્ગવાસ તીથિ ગયા માસની વદી ૧૦ ના રોજ હોવાથી મુંબઇમાં મુનિરાજ શ્રી વિચિક્ષણવિજયજીના પ્રમુખપણા નીચે જયંતી ઉજવાઇ હતી. ઉક્ત મહાત્માના સાંસારિક અને સાધુ જીવન વિશે વિસ્તારથી નિબંધ મુનિરાજ શ્રી દર્શનવિજયજી મહારાજે શ્રી ચતુર્વિધ સંઘ સમસ્ત રજુ કર્યો હતો. સાધુ જીવનમાં વિદ્યાભ્યાસ માટે કાશી ગમન ત્યાંથી આવ્યા બાદ પાલીતાણાને વિદ્યાપુરી બનાવવાના મનોરથો, પાઠશાળા અને શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળનાં સ્વરૂપ, નવું સ્વરૂપ ધારણ કરનારી સંસ્થાનો જન્મ, તે સ્થળે જળપ્રલય વખતની ભગીરથ સેવા, તેમની ઉપદેશક શૈલી, અન્તિમ ભાવના અને સેવાના મનોરથો, સ્વર્ગગમન વગેરે વિવેચન કરેલ જે નિબંધરૂપે બુક શાહ ડુંગરશી પુરૂષોત્તમ શાહે અંગીયા (કચ્છ) છપાવેલ છે તે વાંચવા જેવી છે. રેક મુનિ મહારાજ તથા સાધ્વી મહારાજની આ રીતે જમાનાને અનુસરતી ઓછી વધતી સેવા કરવા નમ્ર વિનંતિ કરીયે છીયે.

## શ્રી મુહરીપાર્શ્વનાથનું પ્રાચીન મહાતીર્થ.

આ તીર્થ મહીકાંઠા એજન્સિમાં ઇડર જીલ્લાના ટીંટોઇ ગામમાં આવેલ છે. આ તીર્થ ઘણું જુનું છે. આ પ્રતિમાજીને શ્રી ગૌતમસ્વામીજીએ અષ્ટાપદ ઉપર બનાવેલ જગચિંતામણી ચૈત્યવંદનમાં, (મુહરિ પાસ દુહ દુરિઅ ખંડણ) એ નામથી નમસ્કાર કરેલ છે. આ પ્રતિમાજી ટીંટોઇ ગામથી પાંચ ગાઉ ઉપર સામલાજી ગામ છે તેના પાસે દેવની મોહરી ગામના ડુંગરમાં આ પ્રતિમા દેરાસર સાથે હતાં. ત્યાં વસ્તિ ન હોવાથી પ્રતિમાજી અપૂજ્ય રહેલ જેથી અધિષ્ટાયક દેવે વિ. સં. ૧૦૨૮ ની સાલમાં ટીંટોઇમાં વસતાં રાજા કનકસિંહજીના કારભારી, જોઇતા રહીયાને સ્વપ્ન આપ્યું તે ઉપરથી તે લોકો એક મુસલમાનનું ગાડું લેઇ મોહરી ગામે ગયા પણ મુસલમાન ગાડું હાંકનારો હોવાથી પ્રભુ મૂલ જગ્યા ઉપરથી ચલાયમાન થયા નહી, જેથી અધીષ્ટાયકે ફરીને સ્વપ્ન આપ્યું કે મુસલમાન હંકનારને બદલે હિંદુને લાવો. તેમ કરવાથી પ્રભુને પુષ્પ માફક ગાડામાં પધરાવી ટીંટોઇ ગામમાં લાવી એક ઘરમાં પરૂણા મુજબ રાખ્યા. ત્યારપછી દેશ દેશાવર ખબર થતાં તેમજ ટીંટોઇ ગામથી કેશરીયાજી તિર્થ ૩૦–૩૫ માઇલ દુર હોવાથી ને પગરસ્તે જવાનો મુખ્ય માર્ગ તે હોવાથી જતા સંઘની મદદથી દેરાસર તૈયાર કરાવી તે પ્રભુને ભારે ધામધુમથી વિ. સં. ૧૯૧૨ ની સાલમાં નવા દેરાસરમાં પધરાવ્યા છે. દેરાસર ત્રણ શિખરબંધી મનોહર ને નલીના ગુલ્મ વિમાતના આકારમાં બનાવેલ છે તો આવા પવિત્ર તીર્થનાં અવશ્ય દર્શન કરવાંજ જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ તીર્થે જવાનો રસ્તો અમદાવાદથી નીકળેલ પ્રાંતીજ લાઇનના તલોદ સ્ટેશને ઉતરતાં મોટર, ઘોડાગાડીનું સાધન મલે છે ત્યાંથી મોડાસા જવાય છે. મોડાસેથી સાત ગાઉ ટીંટોઇ ગામ છે. મોડાસે ટીંટોઇના શા૦ મગનલાલ મોહનલાલની દુકાન છે, તે સગવટ કરી આપે છે. તેમજ ઉંટ ગાડાંનાં સાધન મલે છે તે તીર્થનાં દર્શન કરી જો ત્યાંથી કેશરીયાજી જવું હોય તો ઉંટ ગાડાંનું સાધન મલે છે.

## શહેર ભાવનગરમાં આચાર્ય-પદવી મહોત્સવ.

કારતક શુદ ૧૨ ના રોજ શ્રી દેરાસરજીમાં અત્રેનો શ્રી સંઘ મળ્યો હતો. પંન્યાસજી **કેસરવિજયજી** મહારાજને આચાર્ય પદવી કારતક વદ ૬ ના રોજ આપવાનું નકી થયું હતું. કારતક શુદ ૧૩ ના રોજ પંન્યાસજી **શ્રી કેસરવિજયજી** મહારાજને વ્યાખ્યાનમાં ચતુર્વિધ શ્રી સંઘે આચાર્ય પદવી આપવા વિનંતિ કરતાં શ્રી આદિશ્વર ભગવાનની જય બોલી હતી. પંન્યાસજી **દેવવિજયજી** મહારાજને ઉપાધ્યાયજી પદ તથા પંન્યાસજી **શ્રી લાભવિજયજી** મહારાજને પ્રવર્તક પદવી પણ સાથે આપવાનો શ્રી સંઘે ઠરાવ કર્યો છે. તે નિમિત્તે અઠ્ઠાઇ—મહોત્સવ કારતક શુદ ૧૫ થી કુંભ સ્થાપના સાથે થશે—શ્રી શત્રુંજય તીર્થની રચના પણ કરવામાં આવી છે. સ્વામીવાત્સલ્ય, શાંતિસ્નાત્ર અને વરઘોડાનો ખર્ચ શ્રી રાણપુર નિવાસી શેઠ વાડીલાલભાઇ પુરૂષોતમદાસ તરફથી ગુરૂભક્તિ નિમિત્તે આપવાનું ઠરેલ છે. આઠે દિવસ પૂજા આંગી વગેરેનો ખર્ચ વોરા જુઠાભાઇ સાકરચંદ તરફથી આપવાનું નકી થયું છે. પરમાત્માની કૃપાથી તે માંગલિક કાર્ય શરૂ થઇ ગયેલ છે.

# આભાર સ્વીકાર અને સમાલોચના.

### ચૈત્યવંદન ચોવીશી અને પ્રશ્નોત્તર રત્નચિંતામણિ અને નવપદના દુહ અર્થ સહિત.

ઉપરોકત નામની બુક પ્રકાશક શેઠ ચુનીલાલ રાયચંદ ભરૂચ તરફથી ભેટ મળેલ છે. આ ત્રણે કૃતિના રચયિતા સ્વર્ગવાસી શેઠ અનુપચંદભાઇ મલુકચંદ ભરૂચ નિવાસી છે. તેઓનું જીવન ધાર્મિકમય હતું અને જૈન તત્વજ્ઞાનના તેઓ ચુનંદા અભ્યાસી હતા. વળી ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના પરમ ભક્ત હોઇ કેટલોક અભ્યાસ પણ આ ગુરૂવર્ય પાસે કરેલ હોઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવી કૃતિ તેઓ બનાવે તે સંભવિત છે. આ ગ્રંથમ જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન ભરેલું છે. અને તે ખાસ વાંચન અને મનન કરવા યોગ્ય છે.પ્રકાશકને અમો આ ગ્રંથ પ્રકટ કરવા માટે ધન્યવાદ આપીયે છીયે. કિંમત ચૌદ આના યોગ્ય છે.

## નિત્ય–પાઠાવલી.

સંપાદક મુનિશ્રી તિલકવિજયજી પ્રકાશક ચિમનલાલ લખમીચંદ જૈન મેનેજર આત્મ-તિલક ગ્રંથ સોસાઇટી ૯૫ રવિવાર પેઠ પુના. આ બુકમાં શ્રી અમિત ગતિ સૂરિકૃત પરમાત્મદ્વા-ત્રિંશિકા અને શ્રી રત્નાકરસૂરિકૃત પચીશી બંને મૂળ સાથે હિંદિપદ્યમાં અનુવાદ આપેલ છે. હિંદિ અનુવાદ કરનાર સરસ્વતી માસિકના લેખક સુકવિ પંડિત રામચરિત ઉપાધ્યાયે કરેલો હોઇ અને તે ભાષા તેમની હોઇ અનુવાદ સુંદર બનેલ છે. કિંમત બે આના. પ્રકાશકને ત્યાંથી મળશે.

## સ્યાદ્વાદ ( અનેકાંતવાદ ) ની સાર્થકતા.

### મહર્ષિ વેદ વ્યાસ અને આદ્ય શંકરાચાર્યનો દૃષ્ટિ ભેદ.

લેખક—શ્રીમદ્ વિજયાનંદસૂરીશ્વરજીના શિષ્ય મુનિરાજ શ્રી અમરવિજયજી મહારાજના શિષ્ય મુનિશ્રી ચતુરવિજયજી મહારાજે સ્યાદ્વાદની સાર્થકતા ઉપર લખેલો એક નિબંધ છે, જેમાં કેટલાક જૈનેતર વિદ્વાનો સ્યાદ્વાદની સાર્થકતા જાહેર કરે છે. આ નબંધ સ્યાદ્વાદના સ્વરૂપ સાથેજ મહર્ષિ વેદ વ્યાસ અને આદ્ય શ્રીમાન્ શંકરાચાર્યનો તે માટેનો દૃષ્ટિભેદ ખુલ્લો પાડે છે. અડધા આનાની ટીકીટ મોકલનારને વધારેમાં વધારે ત્રણ બુકો તેના ખપીને પ્રકાશક તરફથી મોકલવામાં આવશે. પ્રકટકર્તા—શેઠ માણેકચંદ મેલાપચંદ ઉંડીવખાર—ભરૂચ.

## નીચેના ગ્રંથો ભેટ મળેલા છે.

૧ શ્રી વ્યવહારસૂત્રસ્ય પીઠિકાઽનંતર તૃતીયો વિભાગ. મુનિરાજશ્રી જ્ઞાનસુંદરજી મહારાજ તરફથી—
૨ જૈન જાતિ નિર્ણય પ્રથમ બીજો અંક.
૩ જૈન તત્ત્વજ્ઞાન. શ્રી આત્માનંદ જૈન ટ્રેકટ સોસાઇટી અંબાલા પંજાબ.
૪ શ્રાદ્ધ ગુણ વિવરણ હિંદિ ભાગ આઠમો ,,
૫ શ્રી કુમારપાળ ચરિત્ર મહાકાવ્ય. પંન્યાસ શ્રી ખાંતિવિજયજી મહારાજ સુરત.
૬ શ્રી ભક્તામર સ્તોત્રની પાદપૂર્તિરૂપ કાવ્ય સંગ્રહ–પ્રથમ ભાગ. શ્રી આગમોદય સમિતિ.
૭ સુબોધ લહરી—પી. એન. શાહ થરાદ.
૮ શારદા પૂજન વિધિ. માસ્તર છગનલાલ ગુલાબચંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૯ શ્રી જ્ઞાનપંચમી મહાત્મ્ય. મુનિરાજ શ્રી માનસાગરજી.
૧૦ શ્રી જૈન યુવક મંડળ રીપોર્ટ ( સાતમા વર્ષનો )
૧૧ શ્રી વડવા જૈન મિત્રમંડળનો પ્રથમ વર્ષનો રીપોર્ટ.
૧૨ શ્રી વિજયધર્મપ્રકાશ સભાનો ત્રીજો રીપોર્ટ.

---

ઉપાધ્યાયજી શ્રી ક્ષમાકલ્યાણકજી મહારાજ તથા શ્રીમાન્ શોભનમુનિ પ્રણિત—

## સંસ્કૃત ચૈત્યવંદન–સ્તુતિ ચોવીશી

૧ **મુનીરાજ શ્રીમદ્ હરિસાગરજી મહારાજના સમુદાયના** સાધ્વીજી શ્રીપ્રતાપશ્રીજી તથા ચૈતન્યશ્રી જીના ઉપદેશથી પ્રકાશક ગોપાળચંદજી મૂલચંદજી બાંઠીયા બીકાનેર–રાજપુતાના. આ બુકમાં બે મહાત્માઓની રચેલી સ્તુતિઓ છે. સંસ્કૃતના જાણકાર માટે તો ખાસ ભક્તિના સાધન રૂપ છે. પ્રચાર થવા વિના મુલ્યે અપાય છે. શ્રીમાન્ સુખસાગરજી મહારાજની સીરીઝ તરિકે ૧૧ મો નંબર છે. શ્રીમાન્ હરિસાગરજી મહારાજ સાહિત્ય પ્રચારાર્થે ગુરૂભક્તિ સારી કરે છે.

૨ **જીવાજીવ રાસી પ્રકાશ અને દંડકનો યંત્ર**–આ બુક પણ ઉપરોકત મહાત્માની સીરીઝ તરીકે ૯–૧૦ નંબર ની છે. આ બુકમાં છુટા છુટા બોલો આપી જીવાજીવના ભેદો બતાવવા સાથે દંડકના અભ્યાસી માટે આપેલ યંત્ર ખાસ ઉપયોગી છે. આ બુક પણ ભેટ અપાય છે. પ્રકાશક–જ્ઞાનચંદ્ર કોચર–બીકાનેર.

૩ **ઇરિયાવહીની આલોચનાનો** નકશો–૧૮૨૪૧૨૦ પ્રકારે થતી આલોચના આ નકશામાં આપી છે–આવી મળેલ બાબત છતાં જૈન દર્શનનું તત્ત્વજ્ઞાન કેવું ઉંચુ છે તે બતાવનાર છે–જૈન દર્શન માનનારા ઘણા બંધુઓ આ જાણતા પણ નહિં હોયકે ઇરિયાવહીની આલોચના આટલી છે. ઉપરોકત મહાત્માના અનુયાયી સાધ્વીજી વિમલશ્રીજી તથા શ્રી પ્રમોદશ્રીજીના ઉપદેશથી જીતમલજી સૌભાગ્યમલજી કોઠારી ઇંદોર નિવાસીએ પ્રકટ કરેલ છે. સુખસાગરજી મહારાજ જ્ઞાન બિન્દુ નાં–૮ ભેટ અપાય છે.

૪ **દંડકના ચોવીશ દ્વારનો યંત્ર**–દંડકના અભ્યાસી માટે ઉપયોગી છે. મુનિરાજ શ્રી હરિસાગરજી મહારાજના ઉપદેશથી જ્ઞાનચંદ્ર કોચર પ્રકાશક છે. વિના મૂલ્યે અપાય છે.

---

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ સહિત વિગેરેની રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિંમત રૂ ૧–૧૨–૦ મુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# કલાનું હાર્દ

"લોકોને ખુશ કરવા ખાતર જે પોતાની કલ્પના શક્તિ કેળવે છે, રૂપ કાઢે છે, આકર્ષક પદાર્થો નિર્માણ કરે છે, અથવા મોહક આલાપો લે છે તે નર્તકની કોટીનો માણસ છે. એની વિદ્યા કે કળા જોકે દુનિયાને પ્રસન્ન કરે છે, તો પણ એના સમાધાનને અર્થે તે બસ નથી હોતી. લોકો એના સંગીતના ભૂખ્યા હોય છે, અને એ લોકોની વાહવાહનો ભૂખ્યો હોય છે. સંગીતમાં જે નિરતિશય આનંદ હોય છે તે મેળવવા જેટલું હૃદય એણે કેળવ્યું નથી. કંઠ કેળવ્યો એમાં એને શો લાભ થયો ? એ સમાજનો આશ્રિત છે. જેને અંદરથી આનંદ મળે છે તે નિત્યતૃપ્ત હોય છે, સ્વસ્થ હોય છે. સહેજે ચીડાઈ જાય અથવા ફુલાઇ જાય એવા સ્વભાવવાળા માણસને હું જોઉં ત્યારે મનમાં કહું છું 'આ માણસ ગુણી છે, પણ કળાધર નથી.' યુદ્ધ કળામાં અનેક આવડતો જોઇએ છે, પણ મુખ્ય વાત તો મોતની બે પરવાઈ, મરવાની તૈયારી, વીરતા એજ હોય છે, તેમ કળામાં અનેક વસ્તુઓની આવશ્યકતા હોય તો પણ वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि એવું હૃદયનું આર્યત્વ એ મુખ્ય હોવું જોઇએ. આને જ આપણે ધાર્મિકતાને નામે ઓળખીએ છીએ. એજ જીવવાની કળા છે. એ જ્યાં ન હોય ત્યાં વિષયનો વિલાસજ છે–પછી એને ગમે તેટલું સુંદર નામ આપો."

કાકા કાલેલકર.

For Private And Personal Use Only